**આજનો સુવિચાર**

માનવીમાં લક્ષ્મી અને વિવેક બંને ભાગ્યે જ સાથે જોવા મળે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૯૧ જૂનાગઢ તા.૪-૪-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## ગુજરાતમાં ત્રણ દિવસ સુધી માવઠાની આગાહી

ગાંધીનગર તા. ૪

ગુજરાતનાં ખેડૂતોની માઠી બેઠી હોય તેમ ફરી એકવાર માવઠાનોમાર પડવાનીઆગાહી થઈ છે. હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આવતીકાલતા. ૫ એપ્રિલ થી લઈ ૭ એપ્રિલ સુધી ત્રણ દિવસ સુધી રાજયનાં સૌરાષ્ટ્ર- કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદ - માવઠું પડવાની આગાહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અનેરાજસ્થાનમાં સીસ્ટમ સક્રીય થવાને પગલે રાજયમાં આગામી ત્રણ દિવસ વરસાદી વાતાવરણ રહેશે. જે જીલ્લાઓમાં કમોસમી વરસાદ પડવાની આગાહી છે તેમાં કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, દ્વારકા, રાજકોટ, જામનગર, બનાસકાંઠા, સાબરકાઠા, અરવલ્લી, મહીસાગર, ભરૂચ, નર્મદા, તાપી સહિતનાં જીલ્લાઓનો સમાવેશ થાય છે.

## દિલ્હીમાં ભર ઉનાળે વરસાદ : પાણી ભરાયા

નવી દિલ્હી તા.૪ : કલાયમેન્ટ ચેંજની અસર હેઠળ ગુજરાત સહીત દેશના અનેક ભાગોમાં ઉનાળામાં પણ માવઠું- કમોસમી વરસાદ વરસી રહ્યો છે. પાટનગર દિલ્હીમાં આજે સવારે ભારે વરસાદ થયો હતો. ઉતર ભારતનાં અનેક ભાગોમાં હવામાન પલ્ટો આવ્યો છે.

દિલ્હીમાં આજે સવારથી વરસાદ શરૂ થઈ ગયો હતો.અને અનેક નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતા. હવામાન વિભાગે રાજસ્થાન, હરીયાણા,દિલ્હી, એનસીઆર તથા ઉતર પ્રદેશમાં પણ ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી કરી છે.ગાઝીયાબાદ સહીતના ભાગોમાં પાણી ભરાયા હતા. આજે પાટનગરમાં વધુ વરસાદ થવાની પણ હવામાન વિભાગે આગાહી કરી હતી.

## હરીયાણા સરકારે માસ્ક ફરજીયાત કર્યુ

નવી દિલ્હી,તા. ૪ : દેશમાં ફરી એકવાર કોરોના વાયરસના કેસ ઝડપથી વધવા લાગ્યા છે. હરિયાણામાં પણ કોરોનાના કેસ વધી રહ્યા છે. દરમિયાન, ગૃહમંત્રી અનિલ વિજે કહ્યું છે કે લોકોએ કોવિડ પ્રોટોકોલને અનુસરવાની જરૂર છે. જયાંપણ ૧૦૦ થીવધુ લોકોની ભીડ હોય, તેઓએ માસ્ક પહેરવાનું રહેશે અને અમે આ સૂચના આપી છે. તેમણે કહ્યું છે કે હરિયાણામાં સક્રિય દર્દીઓની સંખ્યા ૭૨૪ છે, પરંતુ તેમાંથી એક પણ હોસ્પીટલમાં દાખલ નથી. હરિયાણામાં કોરોનાના ૨૦૩ નવા કેસ નોંધાયા હતા. તે સાથે, સક્રિય દર્દીઓની સંખ્યા ૭૨૪ પર પહોંચી ગઈ છે.

### પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહીદીનનાં સહસ્થાપક

# યાસીન ભટકલે સુરતમાં પરમાણુ હુમલો કરવાનું કાવતરૂ ઘડયું હતું : દેશદ્રોહનો કેસ ચાલશે




નવી દિલ્હી તા. ૪: કોર્ટે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદ્દીન (આઈએમ)નાસહ-સ્થાપક યાસીન ભટકલ અને અન્યોને ૨૦૧૨માં દેશ વિરૂદ્ધ યુદ્ધ કરવાનું કાવતરૂં ઘડવાના દોષી ઠેરવ્યા છે. કોર્ટે કહ્યું કે ભટકલ અને અન્ય આરોપીઓ વચ્ચેની વાતચીતથી સ્પષ્ટ થયું છે કે તેઓએ સુરતમાં પરમાણુ બોમ્બ વિસ્ફોટ કરવાની યોજના કથિત રીતે ઘડી હતી.પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદ્દીનના સહ-સ્થાપક યાસીન ભટકલ સહિત ૧૧ લોકો સામે દેશદ્રોહનો કેસ ચલાવવામાં આવશે. કોર્ટે ૨૦૧૨માં ભારત વિરૂદ્ધ યુદ્ધ છેડવાના કાવતરાના મામલામાં આરોપ ઘડવાનો આદેશ આપ્યો છે.

પટિયાલા હાઉસ કોર્ટના એડિશનલ સેશન્સ જજ શૈલેન્દ્ર મલિકેજણાવ્યું હતું કેઆરોપીઓની ચેટમાં સુરત શહેરમાં પરમાણુ બોમ્બ પ્લાન્ટ કરવાની અને આ પ્રકારના આતંકવાદી કૃત્યને અંજામ આપતા પહેલા સુરત શહેરમાંથી મુસ્લીમોને ભગાડવાની આઈએમની યોજના દર્શાવવામાં આવી છે. ભટકલ ઉપરાંત, કોર્ટે મોહમ્મદ દાનિશ અંસારી સહિત તેના કેટલાક સભ્યો સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે આરોપીઓ સામે કાર્યવાહી કરવા માટે પૂરતા આધાર છે.

કોર્ટે આદેશમાં જણાવ્યું હતું કે ભટકલ અગાઉની આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવામાં અન્ય આરોપીઓ સાથે સામેલ ન હતો, પરંતુ તે નેપાળમાં માઓવાદીઓની મદદથી શસ્ત્રઅને દારૂગોળો એકત્ર કરવા માટે ભવિષ્યની આતંકવાદી પ્રવૃત્તિઓની યોજનામાં પણ સામેલ હતો.

કોર્ટે કહ્યું કે સાક્ષીઓના નિવેદનો સ્પષ્ટપણે પ્રસ્થાપિત કરે છે કે આરોપીઓએઆતંક ફેલાવવાઅને સમગ્ર સમાજને અસ્થિર કરવા માટે વિવિધ આતંકવાદી પ્રવૃત્તિઓને અંજામઆપવાનું મોટું કાવતરું ઘડ્યું હતું.

# એલોન મસ્કે ટવિટરની ચકલી ઉડાડી દીધી : ડોગનો લોગો આવ્યો



વોશીંગ્ટન તા. ૪

એલોન મસ્કના હાથમાં ટ્વિટર આવ્યા પછી કોઈ ને કોઈ વિવાદ - કરે જ છે. હવે મસ્કે ટ્વિટરનો લોગો જ બદલી નાંખ્યો છે. ટ્વિટરની બ્લૂ કલરની ચકલી બદલી નાંખવામાં આવી છે અને કૂતરાનો પીળા કલરનો ચહેરો મૂકી દેવામાં આવ્યો છે.

મંગળવારે માઈક્રો-બ્લોગિંગ સાઈટ ટ્વિટર પર મોટોબદલાવ કર્યો છે. તેમણે ટ્વિટરનો લોગો બદલી નાખ્યો છે. ટ્વિટરે વાદળી રંગની ચકલીના લોગોને દૂર કરીને ડોગનો લોગો લગાવ્યો છે. મસ્કે ટ્વીટમાં એક યુઝરને કહ્યું કે તેણે જે વચન આપ્યું હતું તે પૂર્ણ કર્યું છે.

અમેરિકન અબજોપતિ એલોન મસ્કે ગયા ઓક્ટોબરમાં ટ્વિટર ખરીદ્યું હતું. આ પછી મસ્ક ઘણા મોટા નિર્ણયોને લઈને ચર્ચામાં રહ્યા હતા. જેમાં બ્લુ ટિકનો ચાર્જ, કર્મચારીઓની છટણી, સીઈઓ પરાગ અગ્રવાલને હટાવવાનો સમાવેશ પણ થાય છે.


ટ્વિટરનો લોગો બદલાતાની સાથે જ યુઝર્સ આશ્ચર્યચકિત થઈ ગયા અને આ બદલાવ અંગે એકબીજાને સવાલો કરવા લાગ્યા. એક યુઝરે પૂછ્યું કે શું દરેક વ્યક્તિ લોગો પર ડોગ જોઈ રહ્યો છે. થોડી જ વારમાં #DOGE એ ટ્વિટર પર ટ્વિટ કરવાનું શરૂ કર્યું. યુઝર્સને લાગ્યું કે કોઈએ ટ્વિટર હેક કર્યું છે. તેના થોડા સમય બાદ એલોન મસ્કે એક ટ્વીટ કર્યું, જેમાં સ્પષ્ટ થયું કે ટ્વિટરે તેનો લોગો બદલ્યો છે.

# ચીનનાં ઉબાડીયા યથાવત : અરૂણાચલ પ્રદેશનાં ૧૧ સ્થળોનાં નામ બદલ્યા

નવી દિલ્હી તા. ૪

ચીને પોતાના નકશામાં અરુણાચલ પ્રદેશની સરહદે આવેલા વિસ્તારમાં ૧૧ સ્થળોનાં નામ બદલ્યાં છે. ચીને છેલ્લાં પાંચ વર્ષમાં ત્રીજી વખત આવી હરકત કરી છે. અગાઉ ૨૦૨૧માં ચીને ૧૫ જગ્યા અને ૨૦૧૭માં ૬ જગ્યાઓનાં નામ બદલ્યાં હતાં. ચીને ક્યારેય અરુણાચલ પ્રદેશને ભારતના રાજય તરીકે માન્યતા આપી નથી. તેઓ અરુણાચલને 'દક્ષિણ તિબેટ'નાભાગ તરીકે વર્ણવે છે. ચીનનો આરોપ છે કે ભારતે તેમના તિબેટના પ્રદેશ ઉપર કબજો કરીનેતેનેઅરુણાચલપ્રદેશ બનાવી દીધું છે. ચીનના સરકારી ન્યૂઝપેપર 'ગ્લોબલ ટાઈમ્સ'ના જણાવ્યા પ્રમાણે, સોમવારે ચીનની સિવિલ અફેર મિનિસ્ટ્રીએ ૧૧ નામ બદલવા અંગે મંજૂરી આપી દીધી છે. આ દરેક વિસ્તાર જેંગનેન (ચીનનાદક્ષિણ રાજ્યશિજિયાંગનો ભાગ)માં આવે છે. તેમાંથી ૪ રહેણાક વિસ્તાર છે. તેમાંથી એક વિસ્તાર અરુણાચલ પ્રદેશની રાજધાની ઈટાનગરથી ખૂબ જ નજીક છે. પાંચ પહાડી ક્ષેત્ર અને બે નદીઓ છે. ચીને આ વિસ્તારનાં નામ મંદારિન અને તિબેટીયન ભાષામાં રાખ્યાં છે. ૩ માર્ચ ૨૦૨૩ના રોજ ૧૧ જગ્યાનાં નામ બદલવા પર હાલ ભારતીય વિદેશ મંત્રાલયે આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી.પરંતુ ૨૦૨૧માં ભારતે પણ ચીનના આવા જ પગલાનો જડબાતોડ જવાબ આપ્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું- અરુણાચલ પ્રદેશ ભારતનું અભિન્ન અંગ છે. નામ બદલવાથી સત્ય બદલાતું નથી. ચીને ૨૦૧૭માં પણ આવું જ પગલું ભર્યું હતું. અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અંગ હતો અને હંમેશાં રહેશે.

# ટ્રમ્પ આજે કોર્ટમાં સરેન્ડર કરશે : અદાલતમાં વિડીયોગ્રાફી પર પ્રતિબંધ



ન્યુયોર્ક તા. ૪

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ન્યૂયોર્ક પહોંચ્યા હતા. પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સ સાથેના અફેર અને પછી રૂપિયા આપીને ચૂપ કરવાના મામલે તેઓ મંગળવારે એટલે આજે કોર્ટમાં હાજર થશે. ટ્રમ્પ બપોરે ૧૨:૨૦ વાગ્યે ફ્લોરિડામાં તેમના માર-એ-લાગો ઘરથી રવાના થયાં હતાં. તે પછી તેઓ પ્રાઈવેટ જેટ દ્વારા લગભગ ૧૫.૫૦ વાગ્યે ન્યૂયોર્કના ટ્રમ્પ ટાવર પહોંચ્યા હતા. ન્યૂઝ એજન્સી APના જણાવ્યા પ્રમાણે સુનાવણીબાદ ટ્રમ્પ ફ્લોરિડા પહોંચશે અને પ્રેસ કોન્ફરન્સ કરશે.

મેનહટન કોર્ટમાં સુનાવણી દરમિયાન વીડિયોગ્રાફી પર પ્રતિબંધ રહેશે. સ્ટિલ ફોટોગ્રાફર્સના પાંચ ગ્રુપને કાર્યવાહી શરૂ થાય તે પહેલાં થોડી મિનિટો માટે ફોટોગ્રાફ્સ ક્લિક કરવાની મંજૂરી આપવામાં આવશે. જજ મર્ચેને ચુકાદો આપતા કહ્યું કે. અમેરિકા માટે આ એક ઐતિહાસિક ક્ષણ હશે જ્યારે પ્રથમ વખત પૂર્વ રાષ્ટ્રપતિ પર ક્રિમિનલ ચાર્જ લગાવવામાં આવશે. આવી સ્થિતિમાં અમે કોઈ પણ વિવાદનું જોખમ લઈ શકતા નથી. કોર્ટરૂમમાં કોઈ પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણની મંજૂરી આપવામાં આવશે નહીં.

આ પહેલા ટ્રમ્પના વકીલોએ કોર્ટમાં સરેન્ડર દરમિયાન વીડિયો કે ફોટોગ્રાફી પર પ્રતિબંધ લગાવવાની માગ કરી હતી. કોર્ટને લખેલા પત્રમાં તેમણે કહ્યું હતું કે - ટ્રમ્પ વિરુદ્ધ ક્રિમિનલ કેસને લઈને દેશમાં પહેલેથી જ સર્કસ જેવો નજારો છે. એવામાં સરેન્ડરનું મીડિયા કવરેજ તેને વધુ ખરાબ કરશે. આવું કરવાથી કોર્ટરૂમની ગરિમા પણ ઘટશે.

મંગળવારે સુનાવણી દરમિયાન ટ્રમ્પ પર કયા આરોપો લગાવવામાં આવ્યા છે તેનો પણ ખુલાસો થશે. સુનાવણી બાદ ટ્રમ્પને જામીન પર મુક્ત કરવામાં આવે તેવી શક્યતા છે. ત્યાર બાદ તેઓ ફ્લોરિડા પરત ફરશે. AP રિપોર્ટ અનુસાર ટ્રમ્પ પર ઓછામાં ઓછો એક ગંભીર આરોપ સાથે જોડાયેલો ચાર્જ લગાવવામાં આવશે. આ સિવાય કેટલાક અન્ય અહેવાલો અનુસાર ટ્રમ્પના આરોપમાં લગભગ ૩૦ કેસ છે. આ તમામ ૨૦૧૬ની ચૂંટણી દરમિયાન પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને કરવામાં આવેલી ચૂકવણી સાથે જોડાયેલા છે

# વિશ્વની સૌથી મોંઘી કેરી ૧ કિલોનાં રૂા. ૨.૫૦ લાખ

નવી દિલ્હી,તા.૪: ગરમીની શરુઆતની સાથે જ દેશમાં મૌસમી ફળની સીઝન શરુ થઈ ગઈ છે અને કેરીની માગ વધવા લાગી છે. કેરીને ફળોના રાજા કહેવાય છે અને દેશમાં તેની કેટલાય વેરાયટી જોવા મળે છે. તેમાં તોતાપરી, લંગડા, બદામ, દશેરી, ચૌસા, અલફોન્ઝો, કેશર અને હાપુસ સહિત અન્ય જાતની કેરી શામેલ છે. આ ભારતીય કેરીની માગ દેશની સાથે સાથે વિદેશોમાંપણ હોય છે અને તે મોંઘા ભાવે વેચાય છે. અમે આપને એક એવી કેરી વિશેવાત કરવા જઈ રહ્યા છીએ, જે ૧૦૦, ૨૦૦, ૩૦૦ અથવા ૧ હજાર રૂપિયે કિલો નહીં પણઅઢી લાખ રૂપિયા કિલોના ભાવે વેચાય છે. આ સાંભળીને લોકોને હેરાની થઈ જશે કે , ૧ કિલો કેરીની કિંમત ૨.૫૦લાખ રૂપિયા, આખરે આ કઈ વેરાયટીની કેરીછે જાપાનમાં આ કેરીની હરાજીમાં અઢી લાખ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ છે. જયારે મધ્ય પ્રદેશમાં આ કેરી ૨૦હજાર રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાય છે. ૧ કિલોમાં લગભગ પાંચ કેરી આવે છે. જોભાવના હિસાબથી જોઈએ તો, ૧ કેરી ૪૦૦૦ રૂપિયામાં પડે છે. ૨.૫૦ લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ સુધી વેચાતી આ કેરીનું નામ મિયાઝાકી છે, જેને દુનિયાની સૌથી મોંઘી કેરી કહેવાય છે. આ જાપાની વેરાયટી મેંગો છે. જાપાનની મિયાઝાકી શહેરમાં ઉગતી આ કેરી ચમકીલા રંગ અન ઈંડાના આકારના કારણે સૂર્યનું ઈંડું પણ કહેવાય છે. તેને આમ તો એપ્રિલ અને ઓગસ્ટની વચ્ચે ઉગાડ઼વામાં આવે છે અને પાકવા પર આ કેરી જાંબલી રંગમાંથી લાલ રંગની થઈ જાય છે.

# પહેલીવાર માનવી ચંદ્રનું ચક્કર લગાવશે : નાસા ઈતિહાસ રચશે



ન્યુયોર્ક,તા. ૪ : અવકાશમાં પહેલી વાર એક મોટો ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. હકીકતમા નાસાના ચાર બાહોશ એન્જીનિયર પહેલી વાર ચંદ્રની ફરતે ચક્કર લગાવીને પૃથ્વી પર પાછા આવશે આ માટે નાસાએ એક મોટો પ્લાન તૈયાર કર્યો છે.

અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ ચંદ્રની આસપાસ ચક્કર લગાવીને પૃથ્વી પર ફરત આવનાર ચાર અંતરિક્ષ યાત્રીઓના નામ જાહેર કર્યા છે. નાસા ૫૦ વર્ષના સંશોધન અને પ્રયત્નો બાદ આ સિદ્ધિ હાંસલ કરવા જઈ રહ્યું છે. ૫૦વર્ષથી વધુસમયમાં પહેલીવાર આ લોકો ચંદ્રની કક્ષામાં પહોંચશે. આ ચારેય અવકાશયાત્રીઓ આર્ટેમિસ-૩ મિશન સાથે ચંદ્રની સપાટી પર પ્રથમ માનવ ઉતરાણ માટે પણ આગળનો માર્ગ મોકળો કરશે. જેમાં ૩ અમેરિકન અને ૧ કેનેડિયન નાગરિકનો સમાવેશથાય છે.

# નાટો સંગઠનમાં ફિનલેન્ડ જોડાતા રશિયા ભડકયું

વોશિંગ્ટન તા. ૪

યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ યુરોપના દેશોમાં સર્જાયેલા ભયના માહોલ વચ્ચે વિશ્વના સૌથી શાંત ગણાતા ટચૂકડા દેશ ફિનલેન્ડે પણ હવે અમેરિકી નેતૃત્વ હેઠળનાં નોર્થ એટલાન્ટીક ટ્રીટી- ઓર્ગેનાઈઝેશન (નાટો) માં જોડાયું છે. આજે ફિનલેન્ડની આ વિનંતીને સ્વીકારી લેતા હવે ફિનલેન્ડને લશ્કરી દ્રષ્ટીએ અમેરિકા સહિત તેના ૩૦ દેશોનું લશ્કરી છત્ર મળી ગયું છે. જો કે રશિયા સાથે ૧૩૦૦ કીમીની સરહદ ધરાવતા ફિનલેન્ડના આ નિર્ણયથી મોસ્કો ભડક્યું છે. નાટો તેની વધુ નજીકઆવી ગયું છે તોહવે વધુએક યુરોપીયન દેશ સ્વીડન પણ 'નાટો'માંજોડાવા અંગે રાહ જોઈ રહ્યું છે. હવે ફિનલેન્ડમાં નાટોના સૈન્ય મથકો ઉભા થશે અને હવાઈ સહિતની સુરક્ષા પણ મળશે.

ખુશ ખબર......ખુશ ખબર......ખુશ ખબર......

**હકીમ સાબ (નાળી વૈદ્ય)**

તમામ રોગોના આયુર્વેદીક ઈલાજ

UP TO 20% OFF

Himalaya ZANDU Hamdard VIRGO Pharma Pvt

**ગુજરાત આયુર્વેદીક**

મો. ૯૫૮૬૨ ૫૦૮૯૮

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત


● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા** +

યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનાથી એક દિવસામાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે**

અદ્યતન ફીકસ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.

મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫

**ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ**

અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ

સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન

| | | |
|---|---|---|
| સિમલા-મનાલી-ડેલહાઉસી<br>અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર<br>અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ | By Air 27000 | Day-6 |
| | 35000 | Day-9 |
| કેરાલા-મુન્નાર-થેકડી<br>ક.કુમારી-એલપ્પી-કોવાલમ | અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ 35000 | Day-8 |

નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર • કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી • GOA 3 Night Resort

બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા

શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854

અમદાવાદ ઓફિસ : 90163 60563

**ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો**

વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ પટેલ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અદ્યતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.

મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩

Since 1983

**શંખ મસાલા**

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# દ્વારકામાં શ્રીકૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ પ્રસંગ નિમિત્તે ભવ્ય સત્કાર સમારોહ યોજાયો

**ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાંથી પ્રેરણા લઈ એક ભારત શ્રેષ્ઠ ભારત માટે સંકલ્પ લઈએ : રાજ્યપાલ, ગુજરાતના લોકોને સાસરિયાવાળાઓ તરીકે સ્નેહથી સંબોધી પૂર્વોત્તર પ્રદેશમાં પ્રવાસન તેમજ રોકાણ માટે નિમંત્રણ પાઠવતા અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ**






(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૪

માધવપુર ઘેડના મેળાના પાંચમા દિવસે ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના વિવાહ પ્રસંગ નિમિત્તે દ્વારકામાં શ્રીકૃષ્ણ રૂક્ષ્મણી સ્વાગત સત્કાર સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. જેમાં ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત ,આસામના મુખ્યમંત્રી હેમંતા બિસ્વા સર્મા, અરૂણાચલપ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ, કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય રાજયમંત્રી મીનાક્ષી લેખી, મણીપુરના સાયન્સ ટેકનોલોજી મંત્રી થમ્બ બિસ્વજીત સિંઘ, ગુજરાતના વનપર્યાવરણ અનેપ્રવાસનમંત્રી મુળુભાઈ બેરા સહિતના મહાનુભાવો અને પૂર્વોત્તર રાજ્યોના કલાકારો અનેભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દ્વારકામાં શ્રીકૃષ્ણ રુક્ષ્મણીજીનું ભવ્ય સ્વાગત કરી શોભા યાત્રા યોજાયા બાદ સાંજે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મલ્ટી મીડિયા શોના મુખ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે ભારતની સંસ્કૃતિમાં શ્રી રામ અને શ્રીકૃષ્ણ મુખ્ય છે. ભગવાન શ્રી કૃષ્ણએ ચરિત્ર, કર્મ, ધર્મ, નીતિ, દાયિત્વ સહિત આદર્શમાનવ જીવન માટે પ્રેરણા આપી છે. તેમનું જીવન અને ઉપદેશ આપણા માટે પ્રેરણાદાયી છે. યુવાઓ સહિત ઉપસ્થિત ભક્ત સમુદાયને મહાભારત વાંચવાની શીખ આપી રાજ્યપાલએ જણાવ્યુંહતું કે મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણના જીવનના તથ્યો કે જે આપણા માટે પ્રેરણા આપે છે તે આપણે જાણવા જોઈએ .ભગવાન શ્રી કૃષ્ણએ જીવનમાં માત્ર એક જ લગ્ન કર્યા હતા અને તે શ્રી રૂક્ષ્મણી સાથે. ગીતાના ઉપદેશથીથી આપણને કર્મનું મહાત્મ્ય સમજાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વસુધૈવ કુટુમ્બકમની ભાવના વધુ વ્યાપક થઈ રહી છે અને તેઓએ કોરોના કાળનો સંદર્ભ આપી વિશ્વના અનેક દેશોને જે ભારત તરફથી મદદ કરવામાં આવી તેની વાત સગૌરવ જણાવી હતી. રાજ્યપાલએ ભગવાન શ્રીકૃષ્ણના જીવનમાંથી પ્રેરણા લઈને સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય એકતા સાથે એક ભારત શ્રેષ્ઠ ભારતનો સંકલ્પ લેવા પણ અનુરોધ કર્યો હતો. અરૂણાચલ પ્રદેશ સહિત પૂર્વોત્તર રાજ્યોની સંસ્કૃતિ અને ગુજરાતની સંસ્કૃતિના સમન્વય સાથે પૂર્વતર રાજયના કલાકારોને અભિનંદન આપ્યા હતા. અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુએ આજના આ મહોત્સવમાં નોર્થ ઈસ્ટના રાજ્યોને જોડવા બદલ ગુજરાત સરકારનો અને સાંસ્કૃતિક મંત્રાલયનો આભાર માન્યો હતો અને પ્રધાનમંત્રીની એક ભારત શ્રેષ્ઠ ભારતની વિભાવના ચરિતાર્થ થઈ રહ્યું હોવાનું તેમણે ગૌરવ સાથે જણાવી ભારતમાં સૂર્યનું પહેલું કિરણ જ્યાં પડે છે તે રૂક્ષ્મણીના જન્મ વિસ્તાર અરૂણાચલ પ્રદેશના દોન્ગ અને દ્વારકા વચ્ચે સાંસ્કૃતિક સેતુ જોડાઈ રહ્યો હોવાનું જણાવ્યુંહતું. પેમા ખાંડુએ અરૂણાચલ પ્રદેશ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે આ પ્રદેશ ખૂબ જ સુંદર છે અને અહીં ખૂબ જ કુદરતી સંપદા રહેલી છે તેમણે આ તકે ગુજરાતવાસીઓને નોર્થ ઈસ્ટ રાજ્યોમાં ઉદ્યોગો અને રોકાણ કરવા માટે આમંત્રણ પાઠવ્યુંહતું. તેઓએ દ્વારકાના અને ગુજરાતના લોકોને સાસરિયાવાળાઓ તરીકે પ્રેમથી સંબોધી અરૂણાચલ પ્રદેશમાં પધારવા આમંત્રણ આપ્યું હતું. તેમણે પ્રધાનમંત્રીનો આભાર માની જણાવ્યું હતું કે તેમના કાર્યકાળમાં નોર્થના રાજયોએ એક અલગ ઓળખ મેળવી છે અને વિવિધ ક્ષેત્રોમાં ખૂબ પ્રગતિ કરી રહ્યા છે. આસામ મુખ્યમંત્રી હેમંતા બીશ્વા સર્માએ કહ્યું કે ભારતમાં જ્યાંથી સૂર્યોદય થાય તે ઉત્તરપૂર્વની ભૂમિ અરૂણાચલપ્રદેશ અને સૂર્યાસ્ત થતી ગુજરાતની દ્વારિકા ભૂમિને જોડવાનું કાર્ય ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા આજથી આશરે પાંચહજાર પૂર્વે કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ઉત્તરપૂર્વને વિકાસની એક નવી દિશા બતાવી છે. આજે રોજ ભગવાનશ્રી કૃષ્ણની પાવન ભૂમિ દ્વારકામાં આવી હું અત્યંત ગૌરવની લાગણી અનુભવી છું. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય રાજ્ય મંત્રી મીનાક્ષી લેખીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી નેતૃત્વમાં દેશની સંસ્કૃતિને એક તાંતણે જોડવા એકભારત શ્રેષ્ઠભારતની થીમ હેઠળ દેશના કણ - કણ, વ્યક્તિ - વ્યક્તિની પરંપરાને જોડવાનું કાર્ય કર્યું છે. ઉત્તરપૂર્વની સંસ્કૃતિને પશ્ચિમની સંસ્કૃતિ સાથે જોડતો ઉત્સવ એટલે માધવપુર ઘેડનો મેળો. ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણીજી ના માધવપુર વિવાહ થયા બાદ રૂકમણીજીનું સ્વાગત રૂકમણીસ્ત્રોતમ દ્વારા કરવામાં આવ્યું હતું. આમ ઉત્તરપૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનું જોડાણ સાચા અર્થમાં એક ભારત શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાર્થક કરે છે. તેમજ પ્રાચીન વર્ષો જૂની પરંપરાને દ્વારકાના સ્થાનિકલોકો દ્વારા જાળવી રાખવા બદલ હું સૌનો આભાર વ્યક્ત કરૂ છું. મણીપુરના ઉર્જા અને પર્યાવરણ મંત્રી થોમ્બા બિશ્વજીત સિંઘએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માની નોર્થ ઈસ્ટના રાજ્યોને ભારતનું અભિન્ન અંગ હોવાની પ્રતીતિ કરાવી હોવાનું ગૌરવ સાથે જણાવ્યું હતું. આ તકે તેમને જણાવ્યું હતું કે માધવપુર ફેસ્ટિવલ થકી નોર્થ ઈસ્ટ અને ગુજરાતની સંસ્કૃતિ કલા અને રીત રિવાજોને જોડવાનું ઉત્તમ કાર્ય થઈ રહ્યું છે, સાથોસાથ ટુરીઝમ ક્ષેત્રને પણ નવી દિશા મળશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. બિશ્વજીતે આ તકે પ્રધાનમંત્રી દ્વારા સૌરાષ્ટ્ર તમિલ સંગમ અભિયાનની સરાહના કરી જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર તમિલ લોકોને તેમના મૂળવતન સાથે જોડવાનું આ કાર્ય ખૂબ જ પ્રશંસનીય છે. એકતા અને ભાઈચારાનો સંદેશ સાથે કલા અને સંસ્કૃતિના માધ્યમથી એક ભારત શ્રેષ્ઠ ભારતની વિભાવના સાર્થક થઈ રહી હોવાનું તેમણે આજના પ્રસંગે જણાવ્યું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે,વર્ષોથી પરંપરાગત રીતે યોજાતો માધવપુર મેળાને વર્ષ ૨૦૧૮થી દીર્ઘદૃષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી નવી ઉંચાઈ મળી છે.માધવપુર મેળાને આ વખતે પ્રથમ વખત રાજ્ય સરકાર દ્વારા ભગવાન શ્રી કૃષ્ણ અને રાજકુમારી શ્રી રૂકમણીજીના પવિત્રવિવાહનો સત્કાર સમારોહ દ્વારકા ખાતે આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત તથા પૂર્વોત્તર રાજ્યોના સંબંધો અને સંસ્કૃતિનું મિલન માધવપુર મેળાએ કરાવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ અને રાજકુમારી રુકમણીજીની ભવ્ય શોભાયાત્રા છેક માધવપુરથી દ્વારકા સુધી યોજવામાં આવી હતી. જેમાં દરેક લોકોએ ઉત્સવની જેમ ઉમંગભેર ભાગ લીધો હતો. ભગવાન શ્રીકૃષ્ણના અને રાજકુમારી રૂકમણીના વિવાહ પૂર્વેની કથા દર્શાવતો ભવ્ય મલ્ટીમીડિયા શો જોઈ લોકોના મન પ્રફુલ્લિત થઈ ઉઠ્યા હતા. આ તકે પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ તેમજ આદિવાસી વિકાસમંત્રી કુબેરભાઈ ડિંડોર, નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા, ગુજરાત પવિત્ર યાત્રાધામવિકાસ બોર્ડના સચિવ આર.આર.રાવલ, દ્વારકાધીશ મંદિર વ્યવસ્થાપન સમિતિના ઉપાધ્યક્ષ ધનરાજ ભાઈ નથવાણી, પ્રવાસન વિભાગ એમ.ડી. સૌરભ પારઘી, સાંસદ પૂનમબેન માડમ, સાંસદ રમેશભાઈ ધડુક, દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક, મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ડોડીયા, કલેકટર એમ.એ.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી ધાનાણી, અધિકારીઓ, કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# વેરાવળ લોકજાગૃતિ મંચ ઉપક્રમે જાથાનો જનજાગૃતિ કાર્યક્રમ સંપન્ન



(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૪

ગીર-સોમનાથ વેરાવળ લોકજાગૃતિ મંચ ઉપક્રમે શહેરીજનો, જનસમાજ, ગ્રામજનોમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. દેશમાં અમુક જ્ઞાતિમાં બાળવેવિશાળ પ્રથા ભવિષ્યમાં ખતરનાક સાથે અમંગળ બરબાદીને આમંત્રણ આપનારૂ હોય તેને તિલાંજલિ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જાથાનો ૧૦૦૧૯ મો કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટનમાં મંચના પ્રમુખ બિપીનભાઈ શાહ, ઉપપ્રમુખ કિરીટભાઈ ઉનડકટ, મંત્રી અનિલભાઈ પુરોહિત, પ્રોજેકટ ચેરમેન મહેન્દ્રભાઈ ધાણક, સંજયભાઈ દાવડા, પૂર્વ પ્રમુખ જે. બી. મહેતા, દિપકભાઈ ટીલાવત, શ્યામભાઈ નાથાણી ઉપરાંત નાયકભાઈ, પરેશભાઈ તન્ના, ભાવેશભાઈ મહેતા, શૈલેષભાઈ શેઠ, અનિલભાઈ જી. પુરોહિત, જેઠવાભાઈ અને સમાજ સુધારક અનિષભાઈ રાચ્છ મહાનુભાવો હાજર રહ્યા હતા. મંચના પૂર્વ પ્રમુખ દિપકભાઈ ટીલાવતે સ્વાગતવિધિ કરી, વેરાવળ આસપાસ અંધશ્રદ્ધા દૂર કરવા આહવાન આપ્યુંહતું. વિજ્ઞાનથી માનવજીવન સુખી-સંપન્ન થયું છે તેનો સ્વીકાર કરૂ છું. સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ દેગામી, ભારતીબેન દેગામીનું મંચે સન્માન કર્યુ હતું. દેગામીએ મુંજાવરના પહેરવેશમાં નાટકીય પ્રયોગ નિદર્શનથી ઉપસ્થિત લોકો પ્રભાવિત થયા હતા. અનિષ રાચ્છે વ્યકિગત સન્માન કર્યુ હતું. અગ્નિ ઉપર ચાલવાના પ્રયોગમાં લોકો સ્વયંભુ જોડાયા હતા. જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ૨૧ મી સદી વિજ્ઞાન ટેકનોલોજીનો યુગ છે. પ્રત્યેક માનવીને સેકન્ડો અને મિનિટમાં વિજ્ઞાનની મદદથી દિનચર્યા પસાર કરવી પડે છે. વિજ્ઞાનની શોધ માનવ કલ્યાણકારી માટે હોય છે. કોઈપણ દેશનો વૈજ્ઞાનિક સમાજ, રાષ્ટ્રને વરેલો હોય છે. વૈજ્ઞાનિકો કાયમમાટે આદરને પાત્ર હોય છે. વૈજ્ઞાનિકો અનેક પ્રકારના સંશોધનો પ્રયોગશીલ સાબિત થાય છે ત્યારે જ માન્યતા મળેછે. વૈજ્ઞાનિકોમાં જ્ઞાતિ, કોમ, ઉચ્ચ કે નીચના ભેદભાવ હોતા નથી. પોતાના રાષ્ટ્ર માટે પ્રમાણિક હોય છે. વૈજ્ઞાનિકો અંધશ્રદ્ધાના મુદ્દાઓથી હંમેશા દૂર રહે છે. વાદ-વિવાદથી અળગા રહે છે. ધર્મ, શ્રદ્ધા, માન્યતા પોતાની અંગત હોયછે, તેનું બાહ્ય નિદર્શન કદી હોતું નથી. ધાર્મિક બાબત કે નિશાની દેશ માટે ખતરારૂપ છે. માણસ-માણસ વચ્ચે ખાઈ ઉભી કરે છે. હું માત્ર માણસ છું તેવી ઓળખ લાભપ્રદ છે. જાથા દેશમાં લોકોને જોડવાનું કામ કરે છે. જાથા માનવધર્મ, રાષ્ટ્રને સમર્પિત સંસ્થા છે. વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે બાળવેવિશાળ કુપ્રથા શરૂ થાય તેને અન્યો અનુસરે તે પહેલા ડામી, તિલાંજલિ આપવા, વખોડવા બહોળા સમાજને અપીલ કરી હતી. માનવહનન, બાળ અધિકાર ઉપર તરાપ, માનવતા ભંગ અને સામાજિક દ્રષ્ટિએ અમંગળને આમંત્રણ સાબિત થશે. બાળવેવિશાળને ટેકો આપનારા સમાજદ્રોહી છે. માતા-પિતાને સંતાનોનો હક્ક-નિર્ણય છીનવવાનો જરા પણ અધિકાર નથી. જે સમસ્યાનો સામનો કરવો પડે છે તેના માટે નિવારવાના અનેક માર્ગો છે. બાળવેવિશાળથી ભવિષ્યમાં દામ્પત્ય જીવનના અનેક પ્રશ્નો ઉભા થઈ આપઘાતના કિસ્સાને આમંત્રણ છે. વર્તમાન સમયે વ્યકિત પુખ્ત વયની થયા બાદ પસંદગીના જીવનસાથી સાથે જીંદગીની સફર કરી શકે છે. આ સ્વતંત્રતા હોવા છતાં નાની ઉંમરે ભાઈ-બહેનને ભાવિ પતિ-પત્ની તરીકે જોવામાં અને વિચારવામાં આવે તે બાબત અત્યંત શરમજનક છે. આ ચીલો અટકાવવાની, ફેરફાર કરવાની તાતી જરૂરીયાત છે. જયાં સુધી બાળકો પુખ્ત વયના ન થાય ત્યાં સુધી તેમના લગ્ન વિશે નર્ણયિ લેવાનો અધિકાર માતા-પિતાને પણ નથી. સામાજિક દ્રષ્ટિએ ખતરનાક સાબિત થશે. એક જ પરિવારમાં મામા-ફોઈના દીકરા-દીકરીઓ વચ્ચે વેવિશાળ શરીર-વિજ્ઞાનની દ્રષ્ટિ તપાસવું જરૂરી છે. બાળવેવિશાળ માત્ર કુરિવાજ છે. બીજી જ્ઞાતિઓ અને અમુક શાસ્ત્રના આધારે તર્ક મુકી બાળવેવિશાળ કરવું તે નર્યું આંધળું અનુકરણ છે. વિશેષમાં જાથાના પંડયાએ જણાવ્યું કે ધાર્મિકતા અને જ્ઞાતિની તાકાત બતાવનારા પ્રદર્શનો, ખર્ચાઓ, આડંબરો, દાન, પૂજા-અર્ચનોના દેખાડામાં આંતરિક સમસ્યાઓ, કુરિવાજો, પ્રથા, પરંપરાઓ, અમાનવીય કૃત્યને નેસ્તનાબુદ કરવામાં નિષ્ફળતામાંથી બાળવેવિશાળ જોખમી પગલાને જાથા ધિક્કારે છે. બે, ત્રણ, પાંચ વર્ષના બાળકો તેની ઉપરના બાળકોને માત્ર સારૂ શિક્ષણ, સંસ્કાર, શારીરિક વિકાસ, વિજ્ઞાન ટેકનોલોજીથી માહિતગાર યુગ છે તેનો લાભ મળવો જોઈએ. વ્યકિત સ્વાતંત્ર્યનો ઉપયોગ સમજી, વિચારી કરવો જોઈએ. બંધારણનું અપમાન ન થવું જોઈએ. લોકશાહીના મર્મને તર્કથી ઉડાડવો ન જોઈએ. જાથાના પંડયાએ વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો, વાસ્તુશાસ્ત્ર, ફેંગસૂઈ, ટેરાશાસ્ત્ર, સીગ્નેચર, જયોતિષ ઉપર વૈજ્ઞાનિક સમજ આપી દ્રષ્ટાંતો આપ્યા હતા. ભૂત, પ્રેત, મામો, જીન્નાત, ઈલમ, ડાકણ, ચુડેલ, આસુરી શકિત, મેલીવિદ્યાનું અસ્તિત્વ જ નથી તેનો ડર-ભય કાઢી નાખવા આહવાન કર્યું હતું. પિતુ-સુરાપુરા, ગ્રહો, ગ્રહણો, મૃત્યું પામેલા કદી નડતા નથી જીવતા માણસો જ નજીકના સગા-સંબંધી, મિત્રો જ નડે છે તેનાથી સાવધ રહેવા અપીલ કરી હતી. પ્રયોગ નિદર્શનમાં હાથમાંથી કંકુ-ભસ્મ-લોહી નીકળવું, અગ્નિ ઉપર ચાલવું, એકના ડબલ કરવા, ભુવાની સાંકળ મારવાની ડીંડકલીલા, સંમોહન, કાનેથી ચિઠ્ઠી વાંચવી, બેડી તુટવી, હઝરતમાં જોવું, નજરબંધી વિગેરેનું નિદર્શન કરી સ્થળ ઉપર શીખડાવી દેવામાં આવ્યા હતા. આભારવિધિ અનિલભાઈ પુરોહિત અને જે.બી. મહેતાએ કરી હતી. પ્રયોગ નિદર્શનમાં જાથાના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, વિપુલ ગોસ્વામી, ભકિતબેન રાજગોર, ભારતીબેન દેગામી, સિધ્ધાર્થ દેગામી, હર્ષા પંડયા અને સ્થાનિક અનિષભાઈ રાચ્છ જોડાયા હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના કાર્યકરોને સીપીઆર ટ્રેનિંગ આપવામાં આવી

**હૃદયરોગના હુમલા સમયે આ સારવાર જીવનરક્ષક સાબિત થશે**



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૪

વર્તમાન સમયમાં કોઈ કારણોસર વધતા જતા હૃદયરોગના હુમલાના કારણે આ બાબતે ભારતીય જનતા પાર્ટી દ્વારા ખાસ લક્ષ્ય આપી સેવાલક્ષી અભિગમ સાથે સમગ્ર પંથકના ભાજપના કાર્યકરોને સીપીઆર ટ્રેનિંગ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના પ્રમુખ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ દ્વારકા જિલ્લાના કાર્યકર્તાઓ દ્વારા પોરબંદર અને જામનગર ખાતે ટ્રેનિંગ સેશનમાં સહભાગી થયા હતા. જેમાં લોકોને હૃદયરોગનો હુમલો આવતી વખતે કઈ રીતે સારવાર આપી, જીવન રક્ષણ આપવું તે બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં ખંભાળિયા ક્ષેત્ર માટે રાજુભાઈ ભરવાડ અને દ્વારકા ક્ષેત્ર માટે ધનાભા જાડિયાની રાહબરી હેઠળ અનુક્રમે પોરબંદર તથા જામનગરની મેડિકલ કોલેજ ખાતે ટ્રેનિંગ આપવામાં આવી હતી. જેમાં મહામંત્રી યુવરાજસિંહ વાઢેર, ભરતભાઈ ગોજીયા, શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, રાજુભાઈ સરસીયા, વનરાજસિંહ વાઢેર તથા તેઓની ટીમના આશરે ૨૦૦ જેટલા કાર્યકરોએ આ મહત્વની સી.પી.આર. ટ્રેનીંગ લીધી હતી.

**ઓખો જાથી નોખો અને અનોખો**

# સ્માર્ટ સિટીના બદલે હોલિવૂડ સિટી બનવા તરફ સમુદ્ર બાદ નગરમાંથી ડ્રગ્સ રેકેટ પકડાયું !

**મહિલા બુટલેગર બાદ મહિલા ડ્રગ્સ કેરિયર પકડાઈ : શું મહિલાઓનો બિન અધિકૃત ડ્રગ્સના વ્યાપારમાં ઉપયોગ ચાલુ થયો ?**



(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

દ્વારકા તા.૪

દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. બ્રાન્ચને મળેલ બાતમીના આધારે અહી એક મહિલા ડ્રગ્સ કેરિયર કમ સેલરને આશરે ૩ કિલો નાર્કોટિક્સ ડ્રગ્સની શ્રેણીના ગાંજાના જથ્થા સાથે પકડી પાડવામાં આવ્યાનું બહાર આવેલ છે.

જે અંગેની બહાર આવેલ વિગતો મુજબ જિલ્લા એસ ઓ.જીના પી.આઈ. સિંગરખીયાને મળેલ ચોક્કસ બાતમીના આધારે અહીના કુખ્યાત ગુન્હેગારોના આશ્રિત વિસ્તાર જેવા ગણાતા વિસ્તારમાં રહેતી મહિલા ડ્રગ્સ કેરિયર કમ વેચાણનો ધંધો કરતી હસીના કરીમશાને આશરે ત્રણ કિલો ગાંજાના જથ્થા સાથે પકડી પાડી નાર્કોટિક્સ ડ્રગ્સની હેરાફેરી અને વેચાણ અંગે ગુન્હો નોંધી ધરપકડ કરવામાં આવેલ છે. અહીની કુખ્યાત મહિલા બુટલેગર બાદ હવે આ મહિલા ડ્રગ્સ કેરિયર કમ સેલરે પોતાનો આ બિન અધિકૃત અને સમાજને નુકશાન કારક વ્યવસાયમાં પોલીસ રેકર્ડ ઉપર નામ નોંધાવી આ વિસ્તારની મહિલાઓના ડ્રગ્સની હેરાફેરી કમ સેલ્સના વ્યવસાયના પ્રવેશનો રેકર્ડ બનાવ્યાનું બહાર આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અહીની મહિલા બુટલેગરને થોડા સમય પહેલા પાસાના ગુન્હા હેઠળ જેલવાસ મળેલ તે તેનો કેટલો મોટો વ્યવસાય ચાલતો હશે તેનો પુરાવો આપે છે. ત્યારે આ મહિલા ડ્રગ્સ કેરિયર કમ સેલર પાસેથી જે જથ્થો પકડાયો છે તે દર્શાવે છે કે, આ મહિલા કોઈ મોટી ડ્રગ્સ ડીલરની ગેંગની મેમ્બર હોવાની શક્યતા નકારી શકાતી નથી. ત્યારે બીજી બાજુ પાકિસ્તાન સાથે દરિયાઈ સરહદે જોડાયેલ આ ગામ હવે હોલિવુડ જેવું અનોખું બની રહ્યાનું આ ઘટના દર્શાવે છે.

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# તોરણીયા નકલંકધામ ખાતે બુધવારથી સદગુરૂવંદના મહોત્સવ યોજાશે






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૪

ધોરાજી નજીક આવેલ તોરણીયા નકલંકધામ ખાતે આગામી તા.૫, ૬,૭એપ્રિલનાં રોજ પ.પૂ. સંતશ્રી સેવાદાસ બાપાની ૪૦મી પૂણ્યતિથિ પ્રસંગે ધર્મભુષણ સંતશ્રી રાજેન્દ્રદાસ બાપુ ગુરૂશ્રી કરશનદાસ બાપુ દ્વારા સદગુરૂ વંદના મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ત્રિદિવસીય વિષ્ણુયાગ, શતચંડી યજ્ઞ, ૨૫૧ સર્વજ્ઞાતિય સમુહ લગ્નોત્સવ, બારપોરા પાટોત્સવ, સવરા મંડપ મહોત્સવ સહિતનાં ધાર્મિક અવસરો યોજાશે. બુધવારે શોભાયાત્રા યજ્ઞનારાયણ દેવની દિપ જયોત સાથે મંદિરેથી યજ્ઞ શાળાએ પહોંચશે. તથા ઉપસ્થિત સંતો-મહંતોનાં હસ્તે સવારે ૯ કલાકે દિપ પ્રાગટય સાથે મહોત્સવનો પ્રારંભ થશે. સાંજે પાંચ કલાકે ધર્મસભા યોજાશે. બુધવારે રાત્રે ૯.૩૦ કલાકે સંતવાણીનો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે એક સાથે હજારો વ્યકિત બેસી શકે તે માટે ખુરશી, પંખાની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. છેલ્લા એક માસથી પૂ. રાજેન્દ્રદાસ બાપુ દ્વારા આ મહોત્સવને લઈનો તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.

# દ્વારકાધીશ તથા રૂક્ષ્મણીજીના લગ્નોત્સવ દ્વારકામાં ધામધુમથી ઉજવાયો

## ભગવાનના લગ્નોત્સવ ભાવિકોએ નિહાળ્યાઃ ઠાકોરજીની લગ્નવિધીથી વાતાવરણ ભક્તિમય અને દિવ્ય બની ગયું





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૪

યાત્રાધામ દ્વારકામાં શ્રીદ્વારકાધીશભગવાનના મુખ્ય પટરાણી રૂક્ષ્મણી માતાજીના મંદિરના પટાંગણમાં ભગવાન દ્વારકાધીશ તથા રૂક્ષ્મણીજીના લગ્નોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. દ્વારકાના અશ્વિનભાઈ પુરોહિત(ગુરૂ) વગેરે બ્રામણો દ્વારા પરંપરાગત શાસ્ત્રોક્ત વિધીથી ભગવાનની લગ્નવિધી વિધી વિધાનથી કરવામાં આવી હતી. રૂક્ષ્મણી મંદિર પંટાગણમાં કુદરતી વાતાવરણમાં તીર્થ પંડિતો દ્વારા શ્લોકચ્ચારથી કરાવાતી ભગવાનની લગ્નવિધીથી વાતાવરણ ભક્તિમય અને દિવ્ય બની ગયું હતું. ભગવાનના લગ્નનોત્સવમાં મુખ્ય યજમાન પોરબંદરના સાંસદ રમેશભાઈ લવજીભાઈ ધડુક તથા દાસીજીવણ સત્સંગ મંડળ(ગોંડલ) વારા સહપરિવાર બિરાજ્યા હતા. ભગવાનના લગ્નોત્સવમાં સામેલ થવાનો લ્હાવો લેવા સ્થાનિકો તથા બહારથી પધારતા સંખ્યાબંધ ભાવિકો ઉમટયા હતા. ભગવાનની લગ્નવિધીબાદ ગુગ્ળી બ્રામણ ૫૦૫ની જ્ઞાતિમાં મહાપ્રસાદનો કાર્યક્રમ રખાયો હતો.

# દ્વારકાના હાથીગેટ ખાતે ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીની શોભાયાત્રાનું સ્વાગત કરાયું





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૪

માધવપુર ઘેડ ખાતે વિવાહ પ્રસંગ પૂર્ણ થતા દ્વારકા ખાતે ભગવાન શ્રીકૃષ્ણ -રાજકુમારી રૂકમણીજી સત્કાર સમારોહ શોભાયાત્રા યોજાઈ હતી. દ્વારકાના હાથી ગેટ ખાતે શોભાયાત્રાનું મહાનુભાવોની ઉપસ્થિતિમાં પરંપરાગત વિધિથી સામૈયું કરવામાં આવ્યું હતું તેમજ ઝાંઝરી ગૃપ દ્વારા પરંપરાગત પહેરવેશમાં સુંદર નૃત્ય કરવામાં આવ્યું હતું. પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા, નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશ મકવાણા, દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક, પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા સહિતના અધિકારીઓ, કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં ભક્તો દ્વારા સ્વાગત કરાયું હતું.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે પાક સંરક્ષણ, મૂલ્ય વૃદ્ધિ સહિતના મુદ્દે માર્ગદર્શન અપાયું

જૂનાગઢ,તા.૩

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ, ડો.વી.પી.ચોવટિયાની પ્રેરણાથી સેન્ટર ઓફ કોમ્યુનિકેશન નેટવર્ક યોજના અંતર્ગત બે દિવસીય તા. ૩૧/૩/૨૩ થી ૦૧/૦૪/૨૦૨૩ દરમ્યાન ઉનાળુ પાકોની આધુનિક વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને પશુપાલન વિષય પર તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જૂનાગઢ કૃષિ યુનિ. ખાતે યોજાયેલ આ તાલીમ કાર્યક્રમમાં ઢુંઢીયા પીપળીયાના ગામના ખેડૂતો સહભાગી બન્યા હતા.

તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ.એમ.ગાજીપરાએ કર્યુ હતું. તેમણે પ્રગતિશીલ ખેડૂતને સંબોધતા કહ્યું કેલ આજે ટેકનોલોજીનો યુગ છે ત્યારે સમય સાથે તાલ મિલાવીને ચાલવું પડશે. ખેતી સાથે પશુપાલન પુરક વ્યવસાય છે. હાલમાં પશુપાલનમાં આર્થિક આવક મેળવવાની તકો રહેલી છે. સારી ઓલાદના સાંઢ, પાડાથી આવતી પેઢીને સારી ઓલાદના પશુ મેળવી શકાય છે. ખેતી સાથે સામુહિક પશુપાલન વ્યવસાય કરી તેને સ્વીકારી તો પૂરક આવક મેળવી, આર્થિક સધ્ધરતાથી કુટુંબની સુખાકારી વધારી શકાય છે. ઉપરાંત તેમણે આપણી પાસે રહેલ સંસાધનોનો ઉપયોગ કરવો, ખેતી ખર્ચ ઘટાડવો અને ઉત્પાદનની મૂલ્ય વૃધ્ધિ કરવા માર્ગદર્શન આપ્યું હતુ. ખાસ કરીને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં થતા સંશોધન, શિક્ષણ અને વિસ્તરણની વિવિધપ્રવૃતિઓની વિગતવાર માહિતી આપી હતી. આ બે દિવસ દરમ્યાન પાક સંરક્ષણ, મૂલ્ય વૃદ્ધિ, પશુપાલન, રાસાયણિક ખાતરનો સમજપૂર્વક ઉપયોગ વગેરે વિષયની જાણકારી આપવામાં આવી હતી. આ બે દિવસીય તાલીમ કાર્યક્રમનું સંચાલન ડો.બી.એન. કલસરિયાએ કર્યુ હતું. આ પ્રસંગે ડો.જી. આર. ગોહિલ, પ્રો. એમ. કે. જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

## મંત્રીએ પત્રકાર પરીષદ યોજી કાર્યક્રમની રૂપરેખા આપી

# સોમનાથ સાનિધ્યે તા.૧૭ એપ્રિલે પ્રધાનમંત્રી મોદીની ઉપસ્થિતમાં 'સૌરાષ્ટ્ર તમિલ સંગમ' કાર્યક્રમ યોજાશે

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના સપનાને સાકાર કરતી એક કડી સૌરાષ્ટ્ર તમિલ સંગમ છે : મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૪

સોમનાથ સાનિધ્યે આગામી તા.૧૭ એપ્રિલના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ''સૌરાષ્ટ્ર તમિલ સંગમ'' કાર્યક્રમનો પ્રારંભ કરાવશે. આ કાર્યક્રમ ત.૧૭ થી ૩૦ એપ્રિલ સુધી યોજાશે જેની રાજ્ય મંત્રીએ વિસ્તૃત રૂપરેખા આપી હતી.

રાજય મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરએ પત્રકાર પરીષદમાં જણાવેલ કે, ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રાંત અને તમિલનાડુ રાજય વચ્ચે સદીઓ જૂના સંબંધોની ઉજવણી કરવા માટે કેન્દ્ર અને રાજય સરકારે સાથે મળીને આગામી તા.૧૭ થી ૩૦ એપ્રિલ દરમ્યાન ''સૌરાષ્ટ્ર તમિલ સંગમ'' કાર્યક્રમનુંઆયોજન કર્યું છે. જેમાં મુખ્ય કાર્યક્રમ સોમનાથમાં યોજાશે. જ્યારે પોરબંદર, દ્વારકા, રાજકોટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે પણ વિવિધ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમ થકી બંન્નેરાજ્યો વચ્ચે ભાષા, સંસ્કૃતિ, વારસો, સાહિત્ય, કલા, વ્યવસાય અને શિક્ષણ સહિતનું આદાન પ્રદાન થશે. જેના માટે ગુજરાતમાં વિવિધ સ્થળોએ ચિત્રકામ, સંગીત, ડ્રામા, પ્રદર્શન, લોકગાયન, હસ્તકલા, ભાષાના વર્કશોપ, રાંધણકલા, શોપિંગ ફેસ્ટીવલ, બિઝનેસ મીટ અને રમત ગમત વગેરેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં આ કાર્યક્રમ હેઠળ તમિલનાડુમાં વસતા સૌરાષ્ટ્રીયન લોકોને દસ દિવસ માટે ગુજરાતના પ્રવાસે લાવવામાં આવશે. તેઓ અત્રે સોમનાથથી દ્વારકા સુધીનો રોડ પ્રવાસ કરી વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થશે. આ પ્રવાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા દસ દિવસ માટે ૧૦ ખાસ ટ્રેન દોડાવવામાં આવશે. જે તમિલનાડુના મદુરાઈથી સૌરાષ્ટ્રીયન તમિલ લોકોને ગુજરાતના સોમનાથ સુધી અને સોમનાથથી મદુરાઈ સુધી પહોંચાડશે. વધુમાં થોડા દિવસો અગાઉ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાના હસ્તે આ કાર્યક્રમના લોગો, થીમ સોંગ અને રજીસ્ટ્રેશન પોર્ટલનું અનાવરણ કરવામાં આવ્યું હતું. જેના એક દિવસની અંદર જ લગભગ દસ હજાર જેટલા લોકોએ ગુજરાતમાં આવવા માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતુ. કેન્દ્ર અને ગુજરાત સરકારે આ કાર્યક્રમને ભવ્યાતિભવ્ય બનાવવા માટે સંપૂર્ણ તૈયારીઓ પૂર જોશમાં કરી રહી છે.

# સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા તીરંદાજી તાલીમમાં જોડાયેલ વિદ્યાર્થીનીઓનું અને શાળાઓનું સન્માન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

તાજેતરમાં જૂનાગઢ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટીના હસ્તે જૂનાગઢ જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી આયોજિત મહિલા આર્ચરી ટ્રેનિંગ માટે પ્રેમાનંદ સ્કૂલની બાહોશ દીકરીઓને તેમના જોરદાર પર્ફોર્મન્સ માટે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજય પોલીસ વિભાગ દ્વારા મહિલાઓને સ્વરક્ષણ માટે સુરક્ષા સેતુ અંતર્ગત આવી વિવિધ તાલીમો આપવામાં આવે છે. આના દ્વારા ગુજરાતની દીકરીઓ આત્મવિશ્વાસથી ભરપૂર બને છે, નીડર બને છે અને અનિવાર્ય સંજોગોમાં પોતે જ પોતાનું સ્વરક્ષણ કરી શકે એને માટે કાબિલ બનાવવામાં આ કાર્યક્રમનો ખૂબ જ મોટો ફાળો રહેશે. આ તકે પૂજય મુકતાનંદજીબાપુ, ગિજુભાઈ ભરાડ તથા ડો. માતંગભાઈ પુરોહિત સહિત સમગ્ર પ્રેમાનંદ સ્કૂલ પરિવાર જૂનાગઢ જિલ્લા પોલીસ-સુરક્ષા સેતુ સોસાયટી તથા ટ્રેનિંગ આપનાર મયુરભાઈનો આભાર માનવામાં આવ્યો હતો.

# લોઢવા ગામનું તથા આહિર સમાજનું ગૌરવ, ભોળા વિશાલને ડોકટરની પદવી એનાયત



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૪

લોઢવા ગામના માજી સરપંચ પાલાભાઈ રાણાભાઈના પૌત્ર વિશાલભાઈ દિલીપભાઈ ભોળાએ જૂનાગઢ મેડીકલ કોલેજમાં એમબીબીએસનો કોર્ષ પુરો કરીને જૂનાગઢ હોસ્પીટલમાં ટ્રેનીંગ પુરી કર્યા બાદ જૂનાગઢ ખાતે યોજાયેલ પદવીદાન સમારંભમાં ડો.વિશાલ દિલીપભાઈ ભોળાને ડોકટરની પદવી એનાયત થતા લોઢવા ગામ આહિર સમાજ તથા ભોળા પરીવારનું ગૌરવ વધારેલ છે. ડો.વિશાલને ઠેર ઠેરથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# ખંભાળિયા નગરપાલિકાના નવનિયુક્ત ચીફ ઓફિસરે પોતાનો હોદ્દાનો ચાર્જ સંભાળ્યો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

ખંભાળિયા નગરપાલિકાના ચીફ ઓફિસર વાઘેલાની તાજેતરમાં બદલી તથા તેમણે પોતાનો ચાર્જ છોડી દીધો છે. નવા આવેલા ચીફ ઓફિસર ભરતકુમાર વ્યાસએ શનિવારે પોતાનો ચાર્જ સંભાળી લીધો છે. તેમણે નગરપાલિકાના સ્ટાફ સાથે જરૂરી બાબતે ચર્ચા વિચારણા પણ કરી હતી. નવા આવેલા ચીફ ઓફિસરના આગમનથી શહેરમાં અટકી ગયેલા કાર્યો તથા નગરપાલિકા કચેરીના ખોરંભે પડેલા કામોને વેગ મળશે.

# ગુજરાતની એકમાત્ર પોરબંદરની સરકારી પોલીટેકનીક કોલેજને બધા કોર્સમા એનબીએ એકેડીશન પ્રાપ્ત થતા કોલેજનો દરેક અભ્યાસક્રમ આંતરરાષ્ટ્રીય લેવલનો ગણાશે

(પ્રકાશ પંડિત દ્વારા)

આદિત્યાણા તા.૪

સરકારી પોલીટેકનિક પોરબંદરના વધુ બે શાખા ડીપ્લોમા અભ્યાસક્રમો સિવિલ તથા ઈલેકટ્રીકલને એન.બી.એ એક્રીડેટેશનપ્રાપ્ત થતા પોરબંદર પોલીટેકનિકના તમામ અભ્યાસક્રમો એન.બી.એ એક્રીડેટેશનધરાવતી ગુજરાતની એકમાત્ર સંસ્થા બની. પહેલા મીકેનીકલ અને ઈલેકર્ટિક લ વિભાગને એન બી એ મળી ચુકેલ હતુ તેથી હવે દેશ તથા વિદેશમાં વિદ્યાર્થીઓને નોકરીની તકો વધશે. ગુજરાત રાજયના ટેકનિકલ શિક્ષણ વિભાગ, ગાંધીનગર હેઠળ કાર્યરત એવી પોરબંદર જિલ્લાની એકમાત્ર સરકારી પોલીટેકનિક પોરબંદર કે જેની સ્થાપના વર્ષ ૧૯૬૦માં થયેલ, આ પોલીટેકનિક કોલેજમાં ચાલતા ડીપ્લોમા એન્જિનિયરિંગ અભ્યાસક્રમો સિવિલ તથા ઈલેકટ્રીકલને ગુણવતા સભર ટેકનિકલ શિક્ષણ આપવા માટે નેશનલ બોર્ડ ઓફ એક્રીડેટેશન, દિલ્હી દ્વારા એક્રીડેટેશન તાજેતરમા પ્રાપ્ત થયેલ છે. એનબીએ એક્રીડેટેશન ધરાવતી ટેકનીકલ કોલેજ તેના શિક્ષણની આંતરરાષ્ટ્રીય ગુણવત્તાની ખાતરી માટેની મહોર ધરાવે છે. ટેકનિકલ કોલેજોનું સમયાંતરે **NBA**ના આઉટકમ બેઝ્ડ એજયુકેશનના માપદંડોના પાલનના માટે સઘન મૂલ્યાંકન કરવામાં આવે છે, જેનો હેતુ એવો હોય છે કેટેકનિકલ શિક્ષણ આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ પ્રથાઓ સાથે સમકક્ષ હોય. પોલીટેકનીક કોલેજના તમામ પ્રોગ્રામ્સનું આ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા સઘન મૂલ્યાંકન કરવામાં આવેલ હતું અને તે પ્રીમિયર ગુણવત્તાના ધોરણોને પૂર્ણ કરે છે તે માટે એક્રીડેટેશન મળેલ છે. હવે એન.બી.એ. એક્રીડેટેશન મળવા થી પોરબંદર પોલીટેકનીકમા અભ્યાસ કરતા સ્ટુડન્ટને થતા ફાયદાઓ ઉતરોત્તર શિક્ષણની ગુણવત્તા સુધારણાના ધોરણોને માન્યતા મળે છે. **Knowledge, skills and attitude**માં **outcome based**



સુધારો થવાથી વિદ્યાર્થીઓના શિક્ષણની ગુણવતા સુધરો થાય છે. **NBA** એક્રીડેટેશનનો સૌથી મોટો લાભ એ છે કે વધુમાં વધુ કંપનીઓને આ કોલેજના પ્લેસમેન્ટ પ્રોગ્રામ્સમાં માટે આવવાનુ ફાયદાકારક લાગે. વ ા ે િ શ ગ ટ ન એકોર્ડ(એન્જિનિયરિંગ ડીગ્રી પ્રોગ્રામને માન્યતા આપવા માટે જવાબદાર સંસ્થાઓ વચ્ચે આંતરરાષ્ટ્રીય કરાર) અનુસારના આંતરરાષ્ટ્રીય માપદંડોમાંની **NBA** (એક્રીડેટેશન આપવા માટે ભારતની જવાબદાર સંસ્થા)ની સદસ્યતાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે એ ે િ ન જ િ ન ય િ ર ગ ન ા વિદ્યાર્થીઓને નોકરી મેળવવા તથા ઉચ્ચ અભ્યાસ કરવા માં ફાયદો થાય છે. જો **NBA**નું એક્રીડેટેશન મળેલ ના હોઈ તેવી સંસ્થામાંથી ડીપ્લોમા કરેલ હોઈ તો અગાઉ વિદેશ તથા ગલ્ફ દેશોમાં નોકરી મળતી ન હતી, પણ હવે પોરંબદરની સરકારી પોલીટેકનીકના વિધાર્થીઓએ દેશ તથા વિદેશમાં નોકરી મેળવવા સરળતા રેહશે. તાજેતરમાં તારીખ ૩ માર્ચથી ૦૫ માર્ચ ૨૦૨૩ દરમ્યાન નેશનલ એક્રીડેટેશન બોર્ડ નવી દિલ્લી દ્વારા મોકલવામાં આવેલ ત્રણ તજજ્ઞો દ્વારા આ સંસ્થાના સિવિલ તથા ઈલેકટ્રીકલ વિદ્યાશાખા માટે આપવામાં આવતા ટેકનિકલ શિક્ષણની ગુણવત્તા, વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ, વિદ્યાર્થીઓનો અભિગમ, જરૂરી હોઈ તેવુ કોલેજનું ઈન્ફાસ્ટ્રક્ચર, વિદ્યાર્થીઓ દીઠ અધ્યાપકોની સંખ્યા, પૂરી પાડવામાં આવતી સુવિધાઓ, લેબોરેટરીની સુવિધાઓ વગેરેના નિયત માપદંડો મુજબ ચકાસવામાં આવેલ. આ ચકાસણી કુલ ૯ ક્રાઈટેરીયામાં વહેચાયેલ હોઈ છે. આ સઘન ચકાસણીને અંતે સરકારી પોલીટેકનીક પોરબંદરના સિવિલ તથા ઈલેકટ્રીકલ વિભાગને એક્રેડીટેશન પ્રાપ્ત થયેલ છે, જેનો ફાયદો અહી અભ્યાસ કરતા વિધાર્થીઓને થશે. સિવિલ વિભાગના વડા ડો. વિજય કુકડીયા તથા ઈલેક્ટ્રિકલ વિભાગના વડા જે.કે.સાંગાણી અને આ બંને વિભાગો તથા કોલેજના સમગ્ર સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે એવા સતત પ્રયત્ન કરવાના ફળ સ્વરૂપે આ સિધ્ધી પ્રાપ્ત થયેલ છે. આ સરકારી પોલીટેકનીક કોલેજના પ્રિન્સીપાલ એ. કે. ઝાલા દ્વારા ગુજરાત રાજ્યની એકમાત્ર પોલીટેકનીક, કે જેમાં ચાલતા તમામ અભ્યાસક્રમોને એન.બી.એ એક્રીડેટેશન મળેલ હોઈ, ધોરણ ૧૦ પછી ઈજનેરી ક્ષેત્રે ઉજ્જ્વળ ભવિષ્યબનાવવા આ સંસ્થા ખાતે એડમિશન લેવા અનુરોધ કરવામા આવ્યો છે. ઉપરાંત કાયમી ધોરણે એનબી એએક્રેડીશન ચાલુ રહે તે માટે કોલેજનો આખો સ્ટાફ કટીબધ્ધ રહેશે તેવી પણ ખાત્રી આપવામાં આવેલ છે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પણ આ નિર્ણયને આવકારવામા આવેલ છે. સાથોસાથ સ્ટુડનટો દ્વારા શિક્ષણ મંત્રીને એવી પણ રજુઆત કરવામા આવેલ છે કે ૧૯૬૦થી આ પોલીટેકનીક કોલેજમા ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલુ છે પણ કોલેજમાં હજુ સુધી ડિગ્રી અભ્યાસક્રમ ચાલુ થયેલ ના હોય વિદ્યાર્થીઓને ડીગ્રી કરવા બહારગામ અથવા ખાનગી કોલેજમા જવું પડે છે એટલે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલી દૂર કરવા તાત્કાલિક અસરથી ડીગ્રી અભ્યાસક્રમ ચાલુ કરવા વિદ્યાર્થી આગેવાન માધવ પ્રકાશ પંડિત દ્વારા શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# હવામાનમાં થઈ રહેલા ફેરફારો ખેતી માટે ખતરારૂપ

હિમાચલ પ્રદેશ માટે ગત મહિનો ખાસ્સો ગરમ રહ્યોહતો. પર્યટન વ્યવસાય સાથે જોડાયેલા લોકો તેને ખોટની ઋતુ કહી રહ્યા છે. પરંતુ સાચો ખતરો ખેતી પર મંડરાઈ રહ્યો છે. ઘઉં સહિતના કેટલાક ખેતી પાકો તૈયાર થવાની અણીએ હોવાના સમયે એકાએક વધુ પડતી ગરમીના કારણે દાણો સંકોચાઈ જવાની ઘટના બને છે. જેના કારણે પાકની ગુણવત્તા અનેવજનને અસર પડે છે.

બીજી તરફ ગુજરાત સહિતના રાજયોમાં માવઠાંની અસરે પણ ખેડૂતોના ખેતરોમાં તૈયાર પાક અને કાપીને મૂકેલ પાકને ખાસ્સું નુકસાન પહોંચાડયું છે. ઘઉં, તમાકુ, શાકભાજી, ચણા સહિતના પાકો લણણી માટેના સમયગાળામાં હોવા સમયે ખાબકેલા કમોસમી વરસાદે સારા ઉત્પાદનની ખેડૂતોની આશા પર પાણી ફેરવી દીધું છે. આમ, વધુ પડતી ગરમી અનેએકાએક માવઠાં જેવી ઋતુ ચક્રમાં બદલાવની સ્થિતિ માનવ જીવન માટે ચિંતાજનક સ્થિતિ સર્જી શકે છે.

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદની શોધ અનુસાર વર્ષ ૨૦૩૦ સુધીમાં ધરતીના તાપમાનમાં ૦.૫થી ૧.૨ ડિગ્રી સેલ્સિયસ સુધીની વૃદ્ધિ થઇ શકે છે. જયારે વર્ષ ૨૦૫૦માં ૦.૮૦થી ૩.૧૬ ડિગ્રી અનેત્યારબાદના વર્ષોમાં વધુ તાપમાન વધશેની આશંકા વ્યકત કરાઈ છે. તાપમાનમાં એક ડિગ્રીની વૃદ્ધિનો અર્થ ખેતરમાં ૩૬૦કિલોપ્રતિ હેકટરપાક ઓછો થશે તે છે.

દેશમાં જળવાયુ પરિવર્તનના કારણે ખેતરોમાં પાકને થનારી અસરો અંગે ૩૧૦જિલ્લાઓનેસંવેદનશીલઅને ૧૦૯નેઅત્યંત સંવેદનશીલ ગણવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં આગામી એક દસકામાં પાક ઉત્પાદનમાં ઘટાડો, પશુધનથી લઈને મત્સ્ય ઉત્પાદનમાં પણ ઘટાડો થવાની આશંકા છે. તાપમાન વધવાના કારણે વરસાદના ચક્રમાં બદલાવ, કમોસમી વરસાદ, કાળઝાળ ગરમી સહિતના બદલાવની સૌથી મોટી અસર ખેડૂતો પર પડે છે. સરકારી આંકડાઓ દર્શાવે છે કે, ખેતી પર નિર્ભર રહેનારાઓનીસંખ્યા ઘટવાની સાથે તેમની આવકનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે. કોલંબિયા યુનિવર્સિટીના ડાટા સાયન્સ ઈન્સ્ટિટયૂટના વિજ્ઞાની ડો.કૈલે ડેવિસે ભારતમાં જળવાયુ પરિવર્તનના ખેતી પર પ્રભાવ, પોષણ સ્તર, પાણીની અછત, ઘટતી કૃષિ ઉત્પાદકતા અને કૃષિ માટે જમીનનો અભાવ પર ઊંડોઅભ્યાસ કર્યો છે. તેઓ અનુસાર ભારતમાં તાપમાન વૃદ્ધિના કારણે ખેતીમાં ઉત્પાદકતા ઘટી રહી છે અને પોષક તત્વો ઓછા થઈ રહ્યા છે. ભારતે ભવિષ્ય માટે પાણી બચાવવું હશે અને ખેતીમાં પોષણ સ્તર પણ વધારવું હશે તો ઘઉં અને ચોખા પરની નિર્ભરતા ઘટાડવી પડશે. આ બંને પાકમાં પાણીની જરૂરિયાત વધુ રહે છે. ડો.કૈલેના કહેવા અનુસાર ભારત એ દેશોમાં સામેલ છે જયાં તાપમાન વૃદ્ધિ અને જળવાયુ પરિવર્તનની સૌથી વધુ અસર થવાની સંભાવના છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

નિરંતર અભ્યાસથી વિદ્યાની રક્ષા થાય છે.

- આચાર્ય ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૧૩ શ્રી શિવ દમનક ચતુર્દશી, શ્રી નૃસિંહ દોલોત્સવ, ભગવાન શ્રી મહાવીર જન્મોત્સવ (જૈન) તા.૪ એપ્રિલ ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૧૨, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, વૃધ્ધિ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૪૨, સૂ.અ.૭:૦૬

આજનો દિવસ સવારે ૯:૩૫ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), સાજે ૪:૦૭ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.
વૃષભ: જીવનસાથીનો સહકાર મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું.
મિથુન: પડવા-વાગવાથી સંભાળવું. ગુપ્ત ચિંતા રહે.
કર્ક: પ્રવાસ-પર્યટનનું આયોજન થાય. ભાઈ-બહેનનો સહકાર મળે.
સિંહ: લાભની તક સાંપડે. નવિન કામગીરીની પ્રગતિ થાય.
કન્યા: પ્રિયજનથી મુલાકાત સફળ રહે. રચનાત્મક કાર્યમાં મન પરોવાય.
તુલા: યશ, માન, કીર્તિમાં વધારો થાય. જોઈને છેતરાવવાનો પ્રસંગ બને.
વૃશ્ચિક: જમીનને લગતા કાર્યોમાંસફળતા મળે. સ્નેહિજનોથી વિશેષસ્નેહ રહે.
ધન: ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: નવિન શુભ સમાચાર મળે. ઉત્સાહમાં વધારો થાય.
કુંભ: સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મનમાં આનંદનો અનુભવ થાય.
મીન: કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે.

# દ્વારકામાં શ્રી કૃષ્ણ રૂક્ષ્મણી સ્વાગત સાંસ્કૃતિક કાર્યક્રમ પૂર્વે રાજ્યપાલશ્રીએ ગૌશાળાની મુલાકાત લીધી





(રાકેશ સામાણી દ્વારા)

દેવભૂમિ દ્વારકા તા. ૪

દેવભૂમિ દ્વારકા ખાતે ભગવાન શ્રી કૃષ્ણ તેમજ રૂક્ષ્મણીના વિવાહ સત્કાર સમારોહમાંપધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએભથાણ ચોક સ્થિત દ્વારકાધીશ ગૌ હોસ્પિટલ ગૌશાળા ની મુલાકાત લઈ ગાયોની સારવાર અર્થે શરૂ કરાયેલ સુવિધાઓની માહિતી મેળવી હતી.

શ્રી દેવવ્રતજીને ગૌ હોસ્પિટલની માહિતી આપતા સંસ્થાના રામજીભાઈ મજીઠીયાએ ૨૯ જાન્યુઆરીના રોજ શરૂ કરાયેલ ગૌ હોસ્પિટલમાં અધ્યતન ઓપરેશન થિયેટર , આઈસીયુ, હાઈડ્રોલિક એમ્બ્યુલન્સ સહિતની સુવિધાઓની માહિતી પૂરી પાડી હતી. આ તકે ગૌ સંવર્ધન કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું હોવાનું શ્રી રામજીભાઈ જણાવ્યું હતું.

રાજ્યપાલ શ્રીએ આ તકે તમામ વિભાગોની મુલાકાત લઈ તલસ્પર્શી માહિતી મેળવી ગાયોની સારવાર સુશ્રુષા કરતા રામજીભાઈનેજણાવ્યું હતુ કેઆ ખૂબ જ પુણ્યનું કાર્ય છે.

આ તકે રાજ્યપાલ શ્રી દેવવ્રતજીએ ગાય માતાનું પૂજન કરી તેમને હાર પહેરાવી ભાવપૂર્વક લાડુ આહાર આપ્યો હતો.

રાજ્યપાલ શ્રીએ ટ્રસ્ટ સાથે સંકળાયેલા કર્મચારીઓ સાથે ફોટો સેશન અને તેઓની કામગીરીને બિરદાવી હતી.

ગૌ હોસ્પિટલ ની મુલાકાત વેળાએ રાજ્યપાલ શ્રી સાથે કલેકટરશ્રી મુકેશ પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી નીતેશ પાંડે, અધિક નિવાસી કલેકટર શ્રી ભુપેશ જોટાણીયા ઉપસ્થિત રહ્યા હતા.

# ગુરૂવારે હનુમાન જયંતિ



ચૈત્ર શુદ પુનમને ગુરૂવાર તા.૬-૪-૨૦૨૩ના દિવસે હનુમાન જયંતિ છે. આ દિવસે સવારે હસ્ત નક્ષત્ર ૧૨:૪૦ સુધી છે. ત્યાર બાદ ચિત્રા નક્ષત્ર છે. આથી હસ્ત અનેચિત્રા બંને નક્ષત્રમાં હનુમાન જયંતિ ઉત્તમ ગણવામાં આવે છે. એક માન્યતા પ્રમાણે હનુમાનજીનો જન્મ પણ ચિત્રા નક્ષત્રમાં થયેલ આથી આ વર્ષે પણ બપોરથી ચિત્રા નક્ષત્ર છે. આથી હનુમાન જયંતિ વધારે ઉત્તમ ગણાશે. હનુમાનજી દાદા સપ્તચિરંજીવી છે. આથી પૃથ્વી ઉપર હંમેશા હાજર હોય છે. ખાસ કરીને રામકથા જયાં ચાલતી હોય ત્યાં હનુમાનજી હાજરી આપે છે. તે ઉપરાંત કળિયુગમાં હનુમાનજી તેના ભક્તોની પીડા તુરંત દૂર કરે છે. નાસે રોગ હરે સબ પિડા, હનુમાનજીની ઉપાસનાથી જીવનની બધીજ બીમારી દુર થાય છે તથા ખાસ કરીને આ ઘોર કળિયુગમાં હનુમાનજીની પુજા ઉપાસનાથી જીવનની બધીજ પીડાઓ દુર થાય છે. શનિની નાની-મોટી પનોતીની પીડા પણ દુર થાય છે. રાહુ પીડા પણ દુર થાય છે.


**હનુમાનજીની પૂજા :** હનુમાનજયંતિના દિવસે ભાઈઓએ બાજોઠ ઉપર લાલ વસ્ત્ર પાથરી ઘઉંની ઢગલીકરી તેના ઉપર હનુમાનજીની છબી રાખવી, બાજુમાં સરસવના તેલનો ફૂલ વાટનો દિવો કરવો, ગણપતિ દાદા, શ્રીરામચંદ્ર ભગવાનનું નામ લઈ અને હનુમાનજીનેચંદનનો ચાંદલો કરવો પોતે પણ ચાંદલો ચોખા કરવા ત્યારબાદ ૭, ૧૧, ૨૧ કે ૧૦૮ હનુમાન ચાલીસાના પાઠ કરવા અથવા સુંદરકાંડનોપાઠ કરવો. ઉપરાંત ૐ નમો હનુમંતે ભયભંજનનાય સુખકુરૂ ફટ સ્વાહ મંત્રનો જાપ પણ કરી શકાય. હનુમાન ચાલીસા અથવા સુંદરકાંડના પાઠબહેનોપણ કરી શકેછે. હનુમાન જયંતિના દિવસે હનુમાનજીને સુખડી નૈવેધ ધરવું ઉત્તમ છે. હનુમાનજીને ૨૧ અળદના દાણા ચડાવા, સરસવનું તેલ ચડાવુપણ ઉત્તમ અને પીડા નાશક છે. હનુમાનજીને નિવેદ્યમાં સુખડી લાડવા તે ઉપરાંત ફળફળાદી ધરવા પણ ઉત્તમ છે. હનુમાનજીને આંકડાની માળા લવિંગ તુલસીમાળા આ બધુ હનુમાનજીને પ્રિય છે હનુમાનજીની પૂજા કરવા બેસો ત્યારે ખાસ કરીને લાલ અથવા કેસરી વસ્ત્રો પહેરવા પણ ઉત્તમ ગણાય છે.

**બટુક ભોજન નુ મહત્વ :** આ દિવસે બટુક ભોજન કરાવવાનુ પણ ખાસ મહત્વ છે. નાના બાળકોનુ મન એકદમ ભોળું હોય છે અને ભોળા લોકોને ભગવાન તુરંત પ્રસન્ન થાય છે. આથી જ બાળકોને ભગવાનનું સ્વરૂપ ગણવામાં આવે છે. આથી આ દિવસે બટુકભોજન કરાવવાથી હનુમાનજી તુરંત પ્રસન્ન થાય છે.

**- શાસ્ત્રી રાજદીપ જોષી(વૈદાંત રત્ન)**

## દેવભૂમિ દ્વારકાના દારૂકાવન સ્થિત

# નાગેશ્વર જ્યોતર્લિંગ અને દ્વારકાધીશના દર્શન કરી ધન્યતા અનુભવતા સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૪

સિક્કિમ રાજયના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ બે દિવસીય દેવભૂમિ દ્વારકાજિલ્લાના પ્રવાસે પધાર્યા હતા. મુખ્યમંત્રીએ નાગેશ્વર જ્યોતિર્લિંગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તેમજ મુખ્યમંત્રીએ નાગેશ્વર મહાદેવની આરતી પણ કરી હતી. સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગે ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા હતા. જયારે જગત મંદિર ખાતે ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા હતા. મુખ્યમંત્રીએ ભગવાન દ્વારકાધીશના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તેમજ મુખ્યમંત્રીએ પાદુકા પૂજન પણ કર્યું હતું. આ તકે પ્રાંત અધિકારી દ્વારકા પાર્થ તલસાણીયા, પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય, નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# KD હોસ્પીટલ ખાતે મહિલા દર્દીમાં ગુજરાતમાં જ પ્રથમવાર બંને ફેફસાનું સફળ ટ્રાન્સપ્લાન્ટ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૪

ગુજરાતની ૪૦ વર્ષની વય ધરાવતી મહિલાને, કુસુમ ધીરજલાલ **(KD)** હોસ્પિટલ અને ક્રિષ્ના ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (કીમ્સ) હોસ્પિટલ્સ, હૈદરાબાદના સિનિયર ડોકટરોની ટીમે બે ફેફસાં બદલવાની જટિલ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ દર્દીને ઈનટેરસ્ટીયલ લંગ ડીસીઝને કારણે શ્વસન પ્રક્રિયાના ફેઈલ્યોરની સ્થિતિ ઉભી થઈ હતી. કીમ્સ હૉસ્પિટલ, હૈદ્રાબાદના પ્રોગ્રામ ડિરેકટર અને હાર્ટ/લંગ ટ્રાન્સપ્લાન્ટના વડા ડો. સંદીપ અત્તાવર અને ડો ભાવિન દેસાઈ, સિનિયર કન્સલ્ટન્ટ **CTVS, KD** હોસ્પિટલની આગેવાની હેઠળનીટીમ અને **KD** હોસ્પિટલના સિનિયર ટ્રાન્સપ્લાન્ટ પલ્મોનોલોજીસ્ટ અને ઈન્ટેન્સિવિસ્ટ, ડો. હરજીત ડુમરા, ડો. મુકેશ પટેલ ડો. પ્રદીપ ડાભી, ડો.માનસી દંડનાયક, ડો. વિનિત પટેલની ટીમે સતત ૧૨ કલાક ચાલેલા આ જટિલ ઓપરેશનની કામગીરી કરી હતી.

ડોકટરોની ટીમે પરિસ્થિતિની વિગતવાર સમિક્ષા કરીને બંને ફેફસાંટ્રાન્સપ્લાન્ટ કરાવવાની સલાહ આપી હતી. આ મહિલાનુ ફેફસાંની યોગ્ય જોડી માટે રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતું. સમગ્ર દેશમાં અંગદાન અંગેની જાગૃતિમાં મહત્વની ભૂમિકા બજાવનાર નિલેશ માંડલેવાલા (સ્થાપક- ડોનેટ લાઈફ)એ અંગદાન કરવા માટે મૃતકના સંબંધિઓને સમજાવતાં, ચાર્ટર વિમાન મારફતે ફેફસાં સુરતથી અમદાવાદ લાવી શકાયા હતા. સુરત અને અમદાવાદ પોલિસની ટીમે ગ્રીન કોરિડોર ઉભો કરીને આ કામગીરી બજાવી હતી. સર્જરી સફળ નિવડી હતી અને ટ્રાન્સપ્લાન્ટ પછી ફેફસાં સારી રીતેકામ કરતાં થઈ ગયા હતા.

બંને ફેફસાંનું ટ્રાન્સપ્લાન્ટ કરવાની સર્જરીને અત્યંત જટિલ તબીબી પ્રોસીજર ગણવામાં આવે છે. આ સર્જરીમાં ફેફસાં ઓછામાં ઓછા સમય સુધી માનવ શરીરની બહાર રહે તેનું ધ્યાનરાખવામાં આવે છે. **KD** હોસ્પિટલના સિનિયર કન્સલ્ટન્ટ ડો. મુકેશ પટેલ જણાવે છે કે ‘‘ફેફસાં શરીરના ગેટકીપર તરીકે કામ કરે છે અને બહારના વાતાવરણના સંપર્કમાં આવતું શરીરનું આ એક માત્ર અંગ હોવાથી બહારના વાતાવરણનો તેણે સામનો કરવો પડે છે. અમે આધુનિક તબીબી વિજ્ઞાનનો ઉપયોગ કરીને ફેફસાં ટ્રાન્સપ્લાન્ટ કરીને દર્દીઓની સ્થિતિ સુધારવાનું ધ્યેય રાખીએ છીએ.દર્દીને થોડાંક દિવસમાં રજા આપવામાં આવશે અને તે તંદુરસ્ત જીવન જીવી શકશે.’’

**KD** હોસ્પિટલના મેનેજીંગ ડિરેક્ટર ડો. અદિત દેસાઈ જણાવે છે કે ‘‘ગુજરાતની મહિલા દર્દીનાં બંને ફેફસાંનું સફળ ટ્રાન્સપ્લાન્ટએ એક સિમાચિહ્નરૂપ સિધ્ધિ છે અને તેનાથી આવી અનેક સફળ અને નવતર પ્રકારની સર્જરી માટેનો માર્ગ મોકળો થયો છે. આ ત્યારે જ શક્ય બની શકશે, જયારે રાજ્યમાં અંગદાન માટે જાગૃતિ આવશે જે હાલની પરિસ્થિતિની જરૂરિયાત પણ છે. અમે હાર્ટ અને લંગ ટ્રાન્સપ્લાન્ટ માટે ૨ સ્પેશિયલ ઓપરેશન થિયેટર અને ૪ બેડનું ટ્રાન્સપ્લાન્ટ આઈસીયુ બનાવ્યું છે જેથી કરીને ગુજરાતના લોકોને તેમના સ્વાસ્થ્યની સંભાળને લગતી જરૂરિયાતો માટે શ્રેષ્ઠ શક્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળી રહે.".

# • રમઝાન મુબારક •




## ઘરોની સ્વચ્છતા

મસ્જિદ એ જગ્યા છે જયાં ઈબાદત કરવામાં આવે છે. એને સાફ રાખવી જરૂરી છે. આ ઉપરાંત માણસનાં જીવનમાં એ જગ્યાનું પણ ખૂબ જ મહત્વ છે કે એ જયાં રહે છે, એટલે માણસનું ઘર. મનુષ્ય માટે જરૂરી છે કે એ પોતાના ઘરને સ્વચ્છ અનેપવિત્ર રાખે. જો કોઈનું ઘર પવિત્ર તો તેનો અર્થ એ થયો કે એનાં ઈમાન અને ઈબાદતનાં અમલમાં બહુ મોટી ઉણપ છે. કારણ કે અલ્લાહ તઆલા પોતે પાક છે અને પાકીને પસંદ કરે છે, તેથી ઘરને પણ સ્વચ્છ રાખવું જોઈએ. એક હદીસમાં ઘરોની સફાઈ માટે કહેવામાં આવ્યું છે:

‘‘અલ્લાહ તઆલા પાક છે અને પાકીને પસંદ કરે છે અને સુંદરતાનો પસંદ કરે છે. કરીમ છે તેથી કરમ (મહેરબાની)ને પસંદ કરે છે. સખી છે અને દાતા છે. સખાવતને પસંદ કરે છે, તેથી તમે પણ સ્વચ્છતા-સુંદરતાને અપનાવો અને ઘરોનાં આંગણા સ્વચ્છ રાખો. ગંદકીમાં યહૂદીઓની જેમ ન બનો (યહૂદીઓ પોતાના ઘરોની સફાઈ કરીને કચરો ખૂણામાં નાંખી દેતા હતાં).’’ (તિર્મિઝી)

### માર્ગોનીસ્વચ્છતા

માણસ જે વસ્તીમાં રહે છે, એને પણ સ્વચ્છ રાખવી જરૂરી છે. અને રસ્તાઓ, માર્ગોને સ્વચ્છ રાખવા બાબત હદીસમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે માણસ માર્ગોને ગંદા ન કરે. આ જ રીતે એ જગ્યાઓને ગંદી ન કરે કે જ્યાં લોકો આરામ કરવા બેસે છે. દા.ત. ઝાડનું છાંયડું વિગેરે.

**રોઝા : ૧૨ મંગળવાર**

હદીસમાં છે: ‘‘એ બે કામોથી બચો જેના કારણે લોકો લાનત મોકલે છે. સહાબા રદિ.એ પૂછ્યુ કે લાનત વાળાં એ બે કામ કયા છે? અલ્લાહના રસૂલ સ.અ.વ.એ જવાબ આપ્યો: લોકોના રસ્તામાં અથવા છાંયડાની જગ્યામાં હાજત પૂરી કરવી.’’ (મુસ્લિમ)

આ હદીસમાં રસ્તાને ગંદો કરવા તેમજ છાંયડાવાળી જગ્યાને ગંદી કરવાની મનાઈ છે. આ વાત જાહેર છે કે એનો અર્થ એ નથી થતો કે માણસ એ જગ્યાઓ પર પોતે હાજત પૂરી ન કરે, પરંતુ ત્યાં શહેરની ગંદકી નાંખી દે. વાસ્તવિકતા તો આ છે કે માર્ગો, રસ્તાઓ, શેરીઓ અને બેસવાની જગ્યાઓને સાફ રાખવી એ મનુષ્યની સાંસ્કૃતિક જરૂરિયાત છે. આમાં એ પણ સામેલ છે કે મનુષ્યે એવું કામ ન કરવું જોઈએ કે જેથી રસ્તો પૂરેપૂરો ગંદો થઈ જાય. દા.ત. નાળીનું વહેણ સારી રીતે સીધો હોવો જોઈએ. જો નાળીનો ગંદો પાણી રસ્તાં ઉપર આવી રહ્યો હોય તો એ પણ અયોગ્ય કહેવાય. આ રીતે એક બીજી હદીસમાં એ સ્થળો વિશે કહેવામાં આવ્યુંછે, ‘‘જ્યાં લોકો પોતાના જનાવરોને પાણી પીવડાવેછે. (અબૂદાઊદ). આવી જગ્યાઓ પર પણ ગંદકી કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે.’’

‘‘રસ્તાઓને સ્વચ્છ રાખવા એ દરેક નાગરિકની ફરજ છે. હઝરત મૂસા અશ્અરી રદિ.થી રિવાયત છે કે તેમને હઝરત ઉંમર રદિ.એ લખ્યું કે લોકોને કુરઆન અને સુન્નતની તાલીમ આપો અને એ તાકીદ કરો કે રસ્તા સ્વચ્છ રાખે. ’’(દારિમી)

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# ૪ એપ્રિલ : ગાજર આંતરરાષ્ટ્રીય દિવસ

આધુનિક ગાજર લગભગ આ સમયે અફઘાનિસ્તાનમાં ઉદ્ભવ્યું હતું. ૧૧મી સદીના યહૂદી વિદ્વાન સિમોન સેઠ લાલ અને પીળા ગાજરનું વર્ણન કરે છે, જેમ કે ૧૨મી સદીના આરબ-એન્ડાલુસિયન કૃષિશાસ્ત્રી, ઈબ્ન અલ-અવામ. ગાજરની ખેતી ૧૨મી સદીમાં ચીનમાં અને ૧૬મી કે ૧૭મી સદીમાં જાપાનમાં જોવા મળી હતી."ગાજર" નામ ફ્રેન્ચ શબ્દ "કેરોટ" પરથી આવે છે. ગાજરની ઉત્પત્તિ ભૂમધ્ય સમુદ્રમાં થઈ છે. પ્રથમ સદીની આસપાસ, ગ્રીક ડોકટરો પેટના ટોનિક તરીકે ગાજરનો ઉપયોગ કરતા હતા. યુરોપમાં ૧૩મી સદી દરમિયાન તેનો ખોરાક તરીકે ઉપયોગ થતો હતો.

જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડમાં ૩,૦૦૦ થી ૫,૦૦૦ વર્ષ જૂના પુરાતત્વીય સ્થળોમાં જંગલી ગાજરના બીજ મળી આવ્યા છે. ૧,૧૦૦ વર્ષ પહેલાં મધ્ય એશિયામાં ઉગાડવામાં આવેલા ગાજરનું પ્રથમ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું. જંગલી ગાજરથી વિપરીત, જે સફેદ હોય છે, તે પ્રથમ ઘરેલું ગાજર જાંબલી અને પીળા હતા.

લેખિત ઈતિહાસ અને પરમાણુ આનુવંશિક અભ્યાસ બંનેસૂચવે છે કે સ્થાનિક ગાજરનું મૂળ મધ્ય એશિયામાં છે. તેના જંગલી પૂર્વજો કદાચ પર્શિયા (જેના પ્રદેશો હવે ઈરાન અને અફઘાનિસ્તાન છે) માં ઉદ્ભવ્યા હતા, જે જંગલી ગાજર ડોકસ કેરોટા માટે વિવિધતાનું કેન્દ્ર રહે છે.સુંદરતામાં વધારો: ગાજર એન્ટીઑકિસડન્ટ અને વિટામિન એથી ભરપૂર છે, જે તંદુરસ્ત ત્વચા, વાળ અને નખ માટે જવાબદાર છે. કાર્ડિયોવેસ્ક્યુલર રોગો સામે લડવા: ગાજરમાં બીટા-કેરોટીન, આલ્ફા-કેરોટીન અને લ્યુટીન એન્ટીઑકિસડન્ટ છે જે કોલેસ્ટ્રોલ સામે લડે છે.તે આહાર કેરોટીનોઈડ્સનો સમૃદ્ધ સ્રોત. કોલેસ્ટ્રોલ સંતુલન અને હૃદયના સ્વાસ્થ્યને ટેકો આપી શકે છે.આંતરડાના સ્વાસ્થ્યને ટેકો આપી શકે છે.



વિવિધ આરોગ્ય સાઈટ્સ મુજબ, લાંબા સમય સુધી વધુ પડતા ગાજર ખાવાથી તમારી ત્વચાનો રંગ બગડી શકે છે અને તેમાં રહેલા બીટા કેરોટીનને કારણે તેને નારંગી રંગનો રંગ મળે છે. આદર્શરીતે, તમારે એક દિવસમાં ૧ કે ૨ ગાજરથી વધુ ન ખાવા જોઈએ.તેનાં ફાયદા

- દ્રષ્ટિ અને આંખની તંદુરસ્તી સુધારે છે. ...
- કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડે છે. ...
- હૃદય રોગનું જોખમ ઘટાડે છે. ...
- વજન ઘટાડવામાં મદદ કરે છે. ...
- સ્વસ્થ પાચન જાળવે છે. ...
- મૌખિક આરોગ્ય જાળવે છે. ...
- ડાયાબિટીસના સંચાલનમાં મદદ કરી શકે છે. ...
- ત્વચા આરોગ્ય સુધારે છે.
- કેન્સરનું જોખમ ઘટાડી શકે છે.

ખામ્ધ્રોલનાશ્રી વલ્લભભાઈ વશરામભાઈ મારવણીયાને ગાજરમાં પદ્મશ્રી એવોર્ડ પણ મેળવેલ છે

ડો જી.આર.ગોહિલ

# અમૂલ દૂધની કિંમતમાં ફક્ત ૧૩ માસમાં ત્રણવાર ભાવ વધારો ઝીંકી કુલ રૂપિયા છનો વધારો

## ગરીબ પરિવારના બાળકોમાટે દૂધનો ઘૂંટડો દુર્લભ બની જશે જ્યારે ચાનો ઘૂંટડો કડવો બની જશે



આણંદ, તા.૪

પેટ્રોલ ડીઝલ અને શાકભાજી કઠોળ રાંધણ ગેસ સહિતના ભાવમાં અસહ્ય વધારા બાદ ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (અમૂલ ડેરી) દ્વારા અમૂલ દૂધનાં ભાવમાં પ્રતિલિટર બે રૂપિયાનો વધારો કરાયો છે, જે શનિવારની સવારથી આ દૂધનો ભાવ વધારો અમલમાં આવ્યો હતો, જેનાં કારણે મધ્યમવર્ગીય પ્રજા ઉપર વધુ એક મોંઘવારીનો માર પડ્યો છે. માત્ર ૧૩ માસના ટૂંકા ગાળામાં અમૂલ દૂધના ભાવમાં ત્રીજી વાર ભાવ વધારો ઝીંકવામાં આવતા સામાન્ય અને મધ્યમવર્ગીય પ્રજા ઉપર મોંઘવારીનો કમરતોડ ફટકો પડ્યો છે. ગુજરાત કો,ઓ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા અમૂલ બ્રાન્ડમાં દૂધના ભાવ વધારાની જાહેરાત કરી હતી, તેઓએ જણાવ્યું હતું કે અમૂલ દૂધની તમામ બ્રાન્ડ જેમાં અમૂલ ગોલ્ડ, અમૂલ તાજા, અમૂલ શકિત, સહિતની બ્રાન્ડમાં પ્રતિ લિટર બેથી ત્રણ રૂપિયાનો ભાવ વધારો કરવામાં આવ્યો છે, અને શનિવારે સવારથી આ ભાવ વધારો સૌરાષ્ટ્ર, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ મહિસાગર જિલ્લામાં અમલમાં આવ્યો છે. અમૂલ દૂધના ભાવમાં ગત પહેલી માર્ચ ૨૦૨૨માં પ્રતિ લિટર બે રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ ફરિવાર ઓગષ્ટ માસમાં અને હવે માત્ર ૧૩ માસમાં આ ત્રીજીવાર ભાવ વધારો કરવામાં આવ્યો છે, અમૂલ ગોલ્ડની કિંમત ૫૦૦ મિલી. દીઠ રૂા.૩૨ રહેશે, અમૂલ તાજાની કિંમત ૫૦૦ મિલી. દીઠ રૂા.૨૬ અને અમૂલ શક્તિની કિંમત ૫૦૦ મિલી. દીઠ રૂા.૨૯ રહેશે. પ્રતિ લિટર રૂા.૨થી ૩નો થયેલ વધારો તે મહત્તમ છૂટક વેચાણમાં ૪% જેટલો વધારો સૂચવે છે. આ ભાવ વધારો એકંદર ઓપરેશન ખર્ચ અને દૂધના ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાને કારણે કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીમાં પશુઓના ખોરાકનો ખર્ચમાં અંદાજીત ૨૦% જેટલો વધારો થયેલ છે. ઈનપુટ ખર્ચ અને પશુઓના ખોરાકમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને, અમૂલ દ્વારા ખેડૂતોના દૂધ સંપાદનના ભાવમાં પાછલા વર્ષની સરખામણીએ ૮-૯% જેટલો વધારો કર્યો છે. જોકે, અમૂલ દ્વારા દૂધના ભાવ વધારો કરવાના કારણે સામાન્ય મધ્યમવર્ગ અને ગરીબ વર્ગ ઉપર તેની સીધી અસર પડશે. એક તરફ શાકભાજી, કઠોળ, રાંધણ ગેસ સહિત જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓમાં બેફામ ભાવ વધારો થયો છે, તેમજ પેટ્રોલ ડીઝલ અને ખાદ્યતેલનાં ભાવમાં પણ વધારો થયો છે, ત્યારે હવે દૂધમાં પણ થયેલા ભાવ વધારા મધ્યમવર્ગની કમર તોડી નાખશે. તેમજ ગરીબ પરિવારનાં બાળકો માટે દૂધનો ઘૂંટડો પણ દૂર્લભ બની જશે, જયારે ચાનો ઘૂંટડો પણ કડવો બનીજશે.

# રાજ્યના 5096 વિદ્યાર્થીઓ NMMSની સ્કોલરશીપ મેળવશે

અમદાવાદ, તા.૪

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલી નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS)ના મેરિટ લિસ્ટમાં રાજ્યના ૫૦૯૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થતાં હવે તેઓ સ્કોલરશીપ મેળવશે. ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે લેવામા આવેલી આ પરીક્ષા બાદ મેરિટમાં આવેલા વિદ્યાર્થીઓને આગામી ચાર વર્ષ સુધી સ્કોલરશીપ મળશે.

રાજયમાં નબળી આર્થિક સ્થિતી ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધી અભ્યાસ પુર્ણ કરી શકે તે માટે ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) યોજના કેન્દ્ર સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત રાજ્ય પરીક્ષા બોર્ડદ્વારા શિષ્યવૃત્તિ માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૧૨ ફેબ્રુઆરીના રોજ લેવામાં આવેલી NMMS સ્કોલરશીપ પરીક્ષાનું પરિણામ ૨૦ માર્ચના રોજ જાહેરાત કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર કરાયા બાદ હવે મેરિટ યાદી જાહેર કરવામાં આવી છે. મેરીટ યાદીમાં રાજયના ૫૦૯૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. આ પરીક્ષામાં ૯૭ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પાસ થયા હતા અને તેમાંથી ૫૦૯૬ વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ થયો છે.

સમગ્ર રાજયમાંથી NMMS સ્કોલરશીપ માટે લેવામાં આવેલી પરીક્ષામાં ૨૦૩૩૬૦ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. પરીક્ષા વખતે ૧૯૪૧૩૭ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ૯૨૨૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ત્યારબાદ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામમાં ૯૭,૮૦૩ વિદ્યાર્થીઓ ક્વોલિફાઈંગ ગુણ મેળવી શક્યા હતા. આ પૈકી ૫૦૯૬ વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ થતાં હવે તેમને સ્કોલરશીપ આપવામાં આવશે.

NMMSના મેરિટ લિસ્ટમાં રાજ્યના ૫૦૯૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જેમાં સુરતના સૌથી વધુ ૪૫૧ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. આ ઉપરાંત અમદાવાદના ૩૭૨, અમદાવાદ ગ્રામ્યના ૧૫૯, અમરેલીના ૧૨૨, આણંદના ૧૮૨, બનાસકાંઠાના ૩૧૨, ભરૂચના ૧૩૨, ભાવનગરના ૨૧૮, દાહોદના ૧૮૯, ગાંધીનગરના ૧૩૬, ગીર સોમનાથના ૧૨૧, જામનગરના ૧૦૮, જુનાગઢના ૧૨૬, કચ્છના ૧૯૦, ખેડાના ૧૮૨, મહેસાણાના ૧૭૮, પંચમહાલના ૧૫૪, પાટણના ૧૨૮, રાજકોટના ૨૪૦, સાબરકાંઠાના ૧૨૧, સુરેન્દ્રનગરના ૧૪૧, વડોદરાના ૨૪૬ અને વલસાડના ૧૪૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

# ભારત અને મલેશિયા રૂપિયામાં વેપાર કરવા સંમત થયા

નવીદિલ્હી તા.૪

ભારત અને મલેશિયા વચ્ચે હંમેશા ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધો રહ્યા છે. બંને દેશો વચ્ચે સમયાંતરે ઉચ્ચ સ્તરીય સમિટ પણ થાય છે. આ બંને રાષ્ટ્રો આસિયાન જૂથમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વેપારના સંદર્ભમાં પણ બંને દેશો વચ્ચે ઘણા સારા સંબંધો રહ્યા છે. ભારતના વિદેશ મંત્રાલયે ભારત અને મલેશિયા વચ્ચેના વેપારને લઈને એક મહત્ત્વપૂર્ણ માહિતી આપી છે. આ માહિતી બંને દેશો વચ્ચેના વેપારના ચલણ સાથે સંબંધિત છે. વિદેશ મંત્રાલયનું કહેવું છે કે, બંને દેશો વચ્ચેનો વેપાર હવે અન્ય કરન્સી ઉપરાંત રૂપિયામાં પણ થઈ શકશે. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં ૩૫ દેશોએ ભારત સાથે રૂપિયામાં કારોબાર કરવામાં રસ દાખવ્યો છે. રશિયા ઉપરાંત ભારતના પાડોશી દેશો મ્યાનમાર, બાંગ્લાદેશ અને નેપાળ પણ આમાં સામેલ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલરની વધુ માંગ છે. અત્યાર સુધીમાં ૩૫ દેશોએ ભારત સાથે રૂપિયામાં વેપાર કરવા સકારાત્મ અભિગમ દાખવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલરની વધુ માંગ છે. અત્યાર સુધી ભારત દરેક વસ્તુની ચૂકવણી ડોલરમાં કરે છે. આ માટે ભારત દ્વારા દર વર્ગો અબજો ડૉલરનો ખર્ચ કરવામાં આવે છે. જો ભારત પણ રૂપિયા દ્વારા આયાત કરવામાં આવતી વસ્તુઓ માટે ચૂકવણી કરે તો ડોલર ઉપરની નિર્ભરતા ઘટી શકે છે. અત્યાર સુધી ભારત દરેક વસ્તુની ચૂકવણી ડોલરમાં કરે છે. આ માટે ભારત દ્વારા દર વર્ગો અબજો ડૉલરનો ખર્ચ કરવામાંઆવે છે. જોભારત પણ રૂપિયા દ્વારા આયાત કરવામાં આવતી વસ્તુઓ માટે ચૂકવણી કરે, તો ડૉલર ઉપરની નિર્ભરતા ઘટી શકે છે.

# RTEનો પ્રવેશ કાર્યક્રમ જાહેર ૧૦ એપ્રિલથી ફોર્મ ભરાશે

## વાલીઓ ૨૨ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે, ૩ મેના રોજ પ્રવેશ ફાળવાશે




અમદાવાદ, તા.૪

રાજ્યની ખાનગી પ્રાથમિક સ્કૂલોમાં RTE એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરાયો છે. પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમઅનુસાર વાલીઓ ૧૦ એપ્રિલથી ૨૨ એપ્રિલ સુધી પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરી શકશે. રાજયમાં આ વખતે ૧ લાખ કરતા વધુ બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહી હાથ ધરવાનું આયોજન કરાયું છે. ફોર્મની ચકાસણી પુર્ણ થયા બાદ ૩ મેના રોજ પ્રવેશની પ્રથમ યાદી જાહેર કરાશે. RTEની પ્રવેશ કાર્યવાહીના જાહેર થયેલા કાર્યક્રમ અનુસાર, વાલીઓને RTEના પ્રવેશ માટે જરૂરી ડોક્યુમેન્ટ એકત્ર કરવા માટે ૯ એપ્રિલ સુધીનો સમય આપવામાં આવ્યો છે. ત્યારબાદ ૧૦ એપ્રિલથી વાલીઓ RTEમાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરી શકશે. વાલીઓ ૨૨ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ફોર્મ ભરવાની કાર્યવાહી સાથેજ ૧૦ એપ્રિલથી ૨૩ એપ્રિલ દરમ્યાન જિલ્લા કક્ષાએ અરજીઓની ચકાસણી કરી મંજૂર તથા નામંજુર કરવામાં આવશે. નામંજુર થયેલી અરજીઓ માટે વાલીઓને ૨૫ એપ્રિલથી ૨૭ એપ્રિલ દરમ્યાન ખુટતા ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે સમય અપાશે. આ ડોક્યુમેન્ટની જિલ્લા કક્ષાએ ૨૯ એપ્રિલ સુધીમાં ચકાસણીની કામગીરી પુર્ણ કરાશે. આ તમામ કામગીરી પુર્ણ થયા બાદ ૩ મેના રોજ પ્રથમ પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે. RTEની પ્રવેશ કાર્યવાહીમાં પણ ૧ જૂન, ૨૦૨૩ના રોજ ૬ વર્ષ પુર્ણ કર્યા હશે તેવા વિદ્યાર્થીઓ જ પ્રવેશને પાત્ર ગણવાનો નિર્ણય કરાયો છે. RTEની પ્રવેશ કાર્યવાહીમાં આ વખતે પાનકાર્ડ ધરાવતા ન હોય અથવા તો પાનકાર્ડ ધરાવતા હોય પરંતુ ઈન્કમટેક્ષ રિટર્ન ભરેલું ન હોય તેવા કિસ્સામાં આવકવેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન ઓનલાઈનફોર્મ ભરતી વખતે ફરજિયાત અપલોડ કરવાનું રહેશે. આમ, આ વખતે વાલીઓ સેલ્ફ ડેક્લેરેશનમાં ખોટી રીતે પ્રવેશ મેળવ્યાનું સાબિત થશે તો તેમની સામે કાર્યવાહી કરાશે તે અંગેની બાંહેધરી પણ આપશે.

# સૂચિત ડિજિટલ ઈન્ડિયા બિલમાં સરકારને ઓનલાઈન સામગ્રીને અવરોધિત કરવાની સત્તા આપવી જોઈએ નહીં : બ્રોડબેન્ડ ઈન્ડિયા ફોરમ




નવી દિલ્હી, તા.૪

થિંક ટેન્ક બ્રોડબેન્ડ ઈન્ડિયા ફોરમે પ્રસ્તાવિત ડિજિટલ ઈન્ડિયા બિલ, ૨૦૨૩ હેઠળ સરકારને ઓનલાઈન સામગ્રીને બ્લોક કરવાની સત્તા આપવા અંગે ચેતવણી આપી છે. આ ખરડો ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦નું સ્થાન લેશે. કાયદાની કલમ 69A હેઠળ, સરકાર પાસે કોઈપણ કોમ્પ્યુટર સંસાધન દ્વારા કોઈપણ માહિતીની જાહેર ઍક્સેસને અવરોધિત કરવાના નિર્દેશો જારી કરવાની સત્તા છે. સરકાર આ નિર્ણય પાછળ ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતા, સંરક્ષણ, સુરક્ષા, વિદેશી રાજ્યો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો અને જાહેર વ્યવસ્થા જેવા કારણો ટાંકી શકે છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયે બિલ ઉપરની તેની નોંધમાં જણાવ્યું છે કે વર્તમાન આઈટી એક્ટમાં હાનિકારક અને ગેરકાયદે સામગ્રી માટે અલગ નિયમનકારી અભિગમોનો અભાવ છે. જોકે તેનો ડ્રાફ્ટ હજુ તૈયાર થયો નથી. BIFનો રિપોર્ટ કહે છે કે સરકાર દ્વારા મધ્યસ્થીઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, ઈન્ટરનેટ સેવાઓ પ્રદાતાઓ અને અન્યોને જારી કરવામાં આવેલા આદેશોને અવરોધિત કરવા એ એક સેન્સરશિપ છે અને તે સામગ્રી નિર્માતાના મુક્તપણે અભિપ્રાય વ્યક્ત કરવાના અધિકારો અને માહિતી મેળવવાના લોકોના અધિકારોને સીધી અસર કરે છે. સરકારે તાજેતરમાં ગ્રીવન્સ એપેલેટ કમિટીઓ (GACs)ની રચનાની જાહેરાત કરી છે જે ૧ માર્ચ, ૨૦૨૩થી કાર્યરત થઈ છે, જેમાં મધ્યસ્થીઓ પ્લેટફોર્મના ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણયો અથવા તેમને કરવામાં આવેલી ફરિયાદો ઉપર કાર્યવાહી કરવામાં તેમની નિષ્ફળતા સામે અપીલ કરી શકે છે. આ સારી પહેલ હોવા છતાં, પ્રતીક વાઘરે અને તેજસી પંજિયાર તેમના વિશ્લેષણમાં લખે છે, GACs એ ધ્યાનમાં લેવામાં નિષ્ફળ જાય છે કે આ સ્વતંત્ર નિર્ણયની પદ્ધતિને બદલે તે કેન્દ્ર સરકારને આધીન રહેશે. BIF રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે સરકારે ટ્વિટરને ૨૦૧૭માં ૨૪૮ ટ્વીટ દૂર કરવા કહ્યું હતું પરંતુ ૨૦૨૦ સુધીમાં આ સંખ્યા વધીને ૧૦,૦૦૦ થઈ ગઈ હતી. સમાચાર અહેવાલો મુજબ સરકારે સમયાંતરે અમુક યુટ્યુબ ચેનલો અને મોબાઈલ એપ્સને બ્લોક કરી છે. તાજેતરમાં, સરકારે યુટ્યુબ અને ટ્વિટરને ૨૦૦૨ના ગુજરાત રમખાણોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકા ઉપરની બીબીસી ડોક્યુમેન્ટરીના વીડિયો અને લિંક્સ દૂર કરવા જણાવ્યું હતું. આ અહેવાલમાં જણાવાયું છે કે, કોઈપણ ઘટનામાં, ઈન્ટરનેટ ઉપર સામગ્રી અને ઓનલાઈન સામગ્રીને અવરોધિત કરવા અંગે યોગ્ય, સંવેદનશીલ નિર્ણયો લેવા માટે રાજ્યની ક્ષમતામાં સુધારો કરવાની જરૂર છે. હાલમાં, કાનૂની માળખામાં કોઈ સ્પષ્ટ જવાબદારીના ધોરણોનો અભાવ છે જેના માટે અમારે એ મૂલ્યાંકન કરવાની જરૂર છે કે શું પ્રક્રિયાગત સલામતી અસરકારક સાબિત થઈ છે કે કેમ.

# ૬ એપ્રિલની બેઠકમાં શિક્ષકોની બદલીના નિયમોમાં ફેરફાર ફાઈનલ કરાય તેવી શક્યતા

## તાજેતરમાં કમિટીની ત્રીજી બેઠક મળી, નિયમોમાં ફેરફાર અંગેની મોટાભાગની કામગીરી પૂર્ણ

અમદાવાદ, તા.૪

પ્રાથમિક સ્કૂલોમાં શિક્ષકોની બદલીને લઈને હવે ૬ એપ્રિલના રોજ તજજ્ઞ કમિટીની ચોથી બેઠક મળશે. આ બેઠકમાં બદલીના નિયમોમાં ફેરફાર ફાઈનલ કરી દેવામાં આવે તેવી શક્યતા છે. તાજેતરમાં કમિટીની ત્રીજી બેઠક મળી હતી, જેમાં બદલીના નિયમોમાં ફેરફારની મોટાભાગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી હતી. શિક્ષકોની બદલી માટે રચાયેલી કમિટી દ્વારા બદલી માટેના ફેરફારોનો ફાઈનલ કર્યા બાદ મંજુરી માટે મુકાશે. રાજયની પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા શિક્ષકોની બદલીઓને લઈને તાજેતરમાં શિક્ષણ વિભાગદ્વારા ઠરાવ બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં બદલીના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. જોકે, નવા નિયમો જાહેર થયા તે સાથે જ નિયમોને લઈને શિક્ષકોમાં ભારે વિરોધ શરૂ થયો હતો. બદલીના નિયમમાં ફેરફારને લઈને શિક્ષકોએ ઉચ્ચકક્ષાએ રજૂઆત પણ કરી હતી, પરંતુ કોઈ નિરાકરણ આવ્યું ન હતું. શિક્ષણ વિભાગ દ્વારા બદલીના નવા નિયમોના આધારે પ્રક્રિયા પણ શરૂ કરી દીધી હતી. જોકે, નવા નિયમોમાં સિનિયોરીટી સહિતના મુદ્દે શિક્ષકોએ કોર્ટમાં રીટ કરી હતી. જે પૈકી હાલમાં પણ ૧૧૪ જેટલી રીટ પેન્ડીંગ હોવાનું જાણવા મળે છે. જેના પગલે બદલી કેમ્પ મોકુફ રાખવામાં આવ્યા હતા. કોર્ટ મેટરના પગલે શિક્ષણ વિભાગદ્વારા બદલીના નિયમોમાં ફેરફાર કરવા માટેની પ્રક્રિયા શરૂ કરી હતી. જેના માટે શિક્ષણ વિભાગ દ્વારા ૧૫ સભ્યોની એક કમિટીની રચના કરવામાં આવી છે. ફેબ્રુઆરીમાં આ કમિટીની પ્રથમ બેઠક મળી હતી. જેમાં બદલીના નિયમોને લઈને કયા પ્રકારના સુધારા કરી શકાય તે માટેના સુચનો રજૂ કરવામાં આવ્યા હતા. દરમ્યાન કમિટીની ત્રીજી બેઠક મળી હતી, જેમાં બદલીના નિયમોમાં ફેરફાર નક્કી કરી લેવામાં આવ્યા છે. જેથી હવે લગભગ બદલીના નિયમો તૈયાર થયા છે અને આ નિયમો ફાઈનલ કરવા માટે ફરી કમિટીની એક બેઠક બોલાવવામાં આવી છે. જેમાં નિયમો ફાઈનલ કર્યા બાદ તેને મંજુરી માટે મોકલવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# શીત યુદ્ધ બાદથી પરમાણુ હથિયારોના ઉપયોગનું સૌથી વધુ જોખમ વધી ગયું છે : UNની ચેતવણી



(એજન્સી) તા.૪

યુએનએ શુક્રવારે ચેતવણી ઉચ્ચારી હતી કે શીતયુદ્ધ બાદથી પરમાણુ શસ્ત્રોના ઉપયોગની શક્યતા અને જોખમ સૌથી વધુ વધી ગયુંછે. યુએનએ આ ટિપ્પણી એવા સમયે કરી હતી જ્યારે રશિયાએ તેના વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ પરમાણુ હથિયારોને બેલારૂસમાં તહેનાત કરવાની યોજના બનાવી છે. રશિયાએ ૨૫ માર્ચે જાહેરાત કરી હતી કે અમે બેલારૂસ સાથે સમજૂતી કરી છે. અમે બેલારૂસ સાથે પરમાણુ હથિયારો તેને ત્યાં તહેનાત કરવા સહમતિ મેળવી લીધી છે. ઉલ્લેખનીય છે કે બેલારૂસ અને મોસ્કો વચ્ચે સારા સંબંધો છે અને એ પણ લાંબા સમયથી. યુએનના હાઈ રિપ્રેઝન્ટેટિવ ફોર ડિઝારમેમેન્ટ અફેર્સ ઈઝુમી નાકામિત્સુએ સુરક્ષા પરિષદને જણાવ્યું હતું કે યુક્રેન યુદ્ધ આ પરમાણુ યુદ્ધના જોખમનું પરફેક્ટ ઉદાહરણ છે. તેમણે કહ્યું કે હું તમામ લોકોની સુરક્ષા માટે મહાસભાને અપીલ કરૂં છું કે રશિયાને અપીલ કરવામાં આવે કે તે એવા કોઈપણ કરાર પણ અમલ ન કરે કે જેનાથી દુનિયાને ખતરો પેદા થાય. તેમણે અમેરિકાને પણ આવી જ અપીલ કરી હતી. ફેબ્રુઆરીમાં જ રશિયાએ ન્યૂ સ્ટાર્ટ ટ્રીટી ઉપર અમલ કરવાનું બંધ કરી દીધું હતું. આ અમેરિકા અને રશિયા વચ્ચેની પરમાણુ કરારોની સમજુતી હતી. અમેરિકાએ પરમાણુ હથિયારોની વિગતો શેર કરવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદથી આવી સ્થિતિ સર્જાઈ હતી.

# રશિયાની નવી વિદેશ નીતિ વ્યૂહરચનામાં ચીન અને ભારતને તેના મુખ્ય સાથી તરીકે દર્શાવવામાં આવ્યા



(એજન્સી) તા.૪

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન દ્વારા તાજેતરમાં અપનાવવામાં આવેલી રશિયાની નવી વિદેશ નીતિ વ્યૂહરચનામાં ચીન અને ભારતને તેના મુખ્ય સહયોગી તરીકે ગણવામાં આવ્યા છે. આ ૪૨-પાનાના દસ્તાવેજમાં ચીન અને ભારત સાથેના સંબંધોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં યુરેશિયન ખંડ ઉપર સ્થિત સત્તા અને વિકાસના મૈત્રીપૂર્ણ સાર્વભૌમ વૈશ્વિક કેન્દ્રો સાથે સંબંધોને વધુ ગાઢ બનાવવા અને સંકલનના મહત્વ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ભારત અને રશિયાએ શીત યુદ્ધ દરમ્યાન ગાઢ વ્યૂહાત્મક, લશ્કરી, આર્થિક અને રાજદ્વારી ક્રિયાપ્રતિક્રિયા જાળવી રાખી હતી. રશિયા અને ભારત બંને આ જોડાણને અનન્ય અને વિશેષાધિકૃત ગણાવે છે. ભારત અને રશિયા વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી પાંચ મુખ્ય સ્તંભો ઉપર આધારિત છે રાજકારણ, સંરક્ષણ, નાગરિક પરમાણુ ઊર્જા, આતંકવાદ વિરોધી સહયોગ અને અવકાશ. ભારત અને રશિયાએ તેમના રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી. આ દસ્તાવેજ અનુસાર, રશિયા પરસ્પર લાભદાયી ધોરણે તમામ ક્ષેત્રોમાં સહયોગ વધારવા અને વિસ્તરણ કરવાના ઉદ્દેશ્ય સાથે ભારત સાથે ખાસ વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીનું નિર્માણ કરવાનું ચાલુ રાખશે અને દ્વિપક્ષીય વેપારનું પ્રમાણ વધારવા, રોકાણ અને તકનીકી સંબંધોને મજબૂત કરવા ઉપર વિશેષ ભાર મૂકશે. વિશ્વની વાસ્તવિકતાઓ સાથે વિશ્વ વ્યવસ્થાને અનુકૂલિત કરવામાં મદદ કરવા માટે, રશિયા BRICS, શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO), કોમનવેલ્થ ઓફ ઈન્ટરસ્ટેટ એસોસિએશનની ક્ષમતા, સ્વતંત્ર રાજ્યો (CIS), યુરેશિયન ઈકોનોમિક યુનિયન (EAEU), સામૂહિક સુરક્ષા સંધિ સંગઠન (CSTO), RIC (રશિયા, ભારત, ચીન) અને અન્ય આંતરરાજય સંગઠનો અને આંતરરાષ્ટ્રીય સંગઠનો, તેમજ મજબૂત રશિયન ભાગીદારી સાથે અને આંતરરાષ્ટ્રીય ભૂમિકાને વધારવા માટે તેને પ્રાથમિકતા બનાવવા માંગે છે. રશિયા ભારતને શસ્ત્રોનો સૌથી મોટો સપ્લાયર રહ્યો છે, જે વર્ષ ૨૦૧૬-૨૦૨૦ સુધીમાં ભારતની શસ્ત્રોની આયાતમાં લગભગ ૫૦ ટકા હિસ્સો ધરાવે છે. રશિયા ભારતીય પ્રજાસત્તાક સાથે પરસ્પર લાભદાયી ધોરણે તમામ ક્ષેત્રોમાં સહકાર વધારવા અને વિસ્તૃત કરવા અને દ્વિપક્ષીય વેપારના જથ્થાને વધારવા, રોકાણ અને તકનીકી સંબંધોને મજબૂત કરવા ઉપર વિશેષ ભાર મૂકવાના હેતુ સાથે ખાસ વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીનું નિર્માણ કરશે. યુક્રેનના યુદ્ધ વચ્ચે ચીન અને ભારત બંનેએ પ્રતિબંધોથી પ્રભાવિત રશિયા પાસેથી તેલની આયાતમાં પણ વધારો કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે રશિયા પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના સાથે વ્યાપક ભાગીદારી અને વ્યૂહાત્મક સહકારને વધુ મજબૂત બનાવવાનો હેતુ ધરાવે છે અને યુરેશિયા અને વિશ્વના અન્ય ભાગોમાં વૈશ્વિક અને પ્રાદેશિક સ્તરે સુરક્ષા, સ્થિરતા અને ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવા, તમામ ક્ષેત્રોમાં પરસ્પર ફાયદાકારક સહકારના વિકાસ, પરસ્પર સહાયની જોગવાઈ અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સંકલન વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને જાહેરાત કરી હતી કે રશિયન વિદેશ મંત્રાલયે અન્ય વિભાગો સાથે મળીને નવી વિદેશ નીતિની વિભાવનાને આધુનિક વાસ્તવિકતાઓને અનુરૂપ લાવવા માટે સખત મહેનત કરી છે. રશિયન વિદેશ પ્રધાન સેર્ગેઈ લવરોવે જણાવ્યું હતું કે રશિયાની નવી વિદેશ નીતિ પાછળનો તર્ક આંતરરાષ્ટ્રીય બાબતોમાં ક્રાંતિકારી ફેરફારોને પ્રતિબિંબિત કરે છે.

# સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંતર્ગત દ્વારકા જીલ્લામાં પણ મહેમાનોનું સ્વાગત થશે : પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા

## સોમનાથમાં તા.૧૭ એપ્રિલના રોજ યોજાનાર કાર્યક્રમ અંતર્ગત સદીઓ પહેલા સૌરાષ્ટ્રમાંથી તમિલનાડુમાં સ્થાયી થયેલા લોકોને મહેમાન તરીકે આવકારવા સૌરાષ્ટ્રમાં ઉત્સાહ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એક ભારત શ્રેષ્ઠ ભારત સાથે ભારત વર્ષના પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણના સાંસ્કૃતિક અનુબંધો ઉજાગર થઈ રહ્યા છે

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૪

તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૩થી સોમનાથ ખાતે સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ યોજાનાર છે. તા.૧૭ થી ૩૦ એપ્રિલ સુધી યોજાનાર આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રના વતની અને તમિલનાડુમાં સદીઓથી સ્થાયી થયેલા લોકો સોમનાથ ઉપરાંત દ્વારકા જિલ્લામાં પણ મહેમાન તરીકે પધારવાના છે. જે અંગે પ્રવાસન અને વન પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા એ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહત્વની માહિતી આપી હતી. કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર, સૌરાષ્ટ્ર યુનવર્સિટીના કુલપતિ ગીરીશભાઈ ભીમાણી, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ચેતન ત્રિવેદીની ઉપસ્થિતિમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટરની કચેરી ખાતે પત્રાકાર પરિષદનું આયોજન કરાયું હતું. જેમાં મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આગામી તા.૧૭ એપ્રિલ થી તા.૩૦ એપ્રિલ દરમ્યાન એક અભૂતપૂર્વ કાર્યક્રમ સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર યોજાનાર છે. એ કાર્યક્રમ એટલે -''સૌરાષ્ટ્ર તમિલ સંગમ''. એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને સાકાર કરતા અદભૂત અને ઐતિહાસિક કાર્યક્રમ યોજાશે. સદીઓ પહેલા ઈ.સ. ૧૦૨૪માં જયારે મોહમ્મદ ગઝની અને ત્યારબાદ અલ્લાઉદ્દીન ખીલજી જેવા આક્રામણખોરોએ સોમનાથ ઉપર કરેલા આક્રમણોના કારણે સોમનાથ-પ્રભાસપાટણની આજુબાજુના અનેક લોકો સ્થળાંતર કરી, ખંભાત બંદરે તથા ભરૂચ થઈ હિજરત કરી અને વાયા મહારાષ્ટ્ર થઈ વિજયનગર સામ્રાજ્યના આમંત્રણથી વિજયનગરમાં આશરો લીધો. આ હિજરત વિશ્વના ઈતિહાસની સૌથી મોટી હિજરતો પૈકીની એક હતી. થોડી સદીઓ સુધી વિજયનગર સામ્રાજયમાં આશરો લીધા પછી વિજયનગર સામ્રાજ્યનું પતન થયું. આ સમુદાય સાડી વણાટ કામ તેમજ અન્ય હસ્તકલાઓમાં ખૂબ જ કૌશલ્ય ધરાવતો હતો. આ સમુદાયને મદુરાઈના તત્કાલીન મહારાજાએ તેઓની આ કલાને પીછાણી અને તેઓને ખાસ આશરો આપી રાજયાશ્રય આપ્યો અને આમ ઈ.સ.૧૫૦૦ આસપાસની સાલથી આ સમુદાય મદુરાઈ તેમજ આજુબાજુના વિસ્તારની અંદર સ્થાયી છે. ઉલ્લેખનીય છે કે લગભગ ૧૦૦૦ કરતા વધારે વર્ષના લાંબા ગાળા છતાં આજે તામિલનાડુ રાજયમાં મદુરાઈ, કુમ્બકોનમ, ત્રીચીનાપલ્લી, સાલેમ, તન્જાવૂર્, પરમકુન્ડી સહિત ૪૬ થી વધારે શહેરોમાં તેમજ અંતરિયાળ ગામડાઓમાં વસવાટ કરતા ૨૫ લાખ કરતા વધારે સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાની જૂની સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ તેમ જ પોતાના સૌરાષ્ટ્ર વિસ્તારની પરંપરા તથા વારસાને અકબંધ રાખી તમિલનાડુના જન જીવનમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થઈ અને વિકાસની પ્રક્રિયામાં ઉત્કૃષ્ટ યોગદાન આપી રહેલ છે. તેઓ સૌરાષ્ટ્રીયન તમીલ તરીકે આજે પણ આગવી ઓળખ ધરાવે છે તથા દૂધમાં સાકરની જેમ તેઓ ભળી ગયા છે. આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત રાજય તથા માદરે વતન સૌરાષ્ટ્ર સાથે જોડવાનો પ્રયત્ન વર્ષોથી થતો હતો પરંતુ ૨૦૦૫ અને ૨૦૦૬ની સાલમાં ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ તેમજ ઉપકુલપતિ તેમ જ અન્ય અગ્રણીઓ સાથે બેઠક યોજી આ સમુદાય સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવા અર્થે પ્રેરિત કર્યા અને આમ વિધિવત રીતે આ સૌરાષ્ટ્રવાસી સમુદાયને ગુજરાત સાથે ૧૦૦૦ વર્ષના ગાળા પછી ફરીથી જોડવાની શરૂઆત થઈ અને ગુજરાત રાજય અને તામિલનાડુના આ સૌરાષ્ટ્રવાસી સમુદાય વચ્ચે અનેકવિધ ક્ષેત્રે આદાન-પ્રદાનના સરસ મજાના કાર્યક્રમો શરૂ થયા.

૨૦૧૦ની સાલની અંદર તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં મદુરાઈ ખાતે વિરાટ સૌરાષ્ટ્ર સંગમનું આયોજન થયું અને તેમાં ૫૦૦૦૦ કરતાં વધારે સૌરાષ્ટ્રવાસીઓ ઉમટી પડ્યા હતાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ત્યારબાદ પણ વખતો-વખત આ સમુદાયને મુલાકાતો આપી અને ગુજરાત સાથે આદાન-પ્રદાનની પ્રવૃત્તિ અર્થે સતત પ્રેરણા આપી છે. મંત્રીએ વધુમાં કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ''એક ભારત શ્રેષ્ઠ ભારત''ની સંકલ્પનાને મૂર્તિમંત કરવાના ઉમદા હેતુ સાથે સૌરાષ્ટ્ર તમિલ સંગમના ઐતિહાસિક અને રાષ્ટ્રીય એકાત્મતાને સાકાર કરતા આ અદભૂત કાર્યક્રમની સંકલ્પના કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ હેઠળ વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશનમાં સિલેકટ થયેલા મહેમાનોને સ્પેશ્યલ ટ્રેનો વડે બેચ વાઈઝ ગુજરાત લવાશે, ત્યારબાદ સોમનાથ, પોરબંદર, દ્વારકા, રાજકોટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી(એકતા નગર), જેવા સ્થળોની મુલાકાત ઉપર લઈ જવામાં આવશે. કાર્યક્રમનું મુખ્ય સ્થળ સોમનાથ રહેશે જ્યાં ૧૫ દિવસ દરમ્યાન કલા, સંસ્કૃતિ, ઉદ્યોગ - વાણિજય, યુવા અને અને શિક્ષણ સંબંધીત કાર્યક્રમોના આયોજન થવા જઈ રહ્યા છે. ગુજરાતમાં વિવિધ સ્થળોએ ચિત્રકામ, પર્ફોર્મિંગ આર્ટ, ડ્રામા પ્રદર્શન, સાહિત્ય, બીચ/સેન્ડ આર્ટ, પરંપરાગત લોક સંગીત હસ્તકલા, વાનગીઓ, રમતગમત, શૈક્ષણિક પ્રદર્શન, ગુજરાતી અને તમિલ ભાષાના વર્કશોપ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું છે. પંદર દિવસ ચાલનાર આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે હજારોની સંખ્યામાં રજીસ્ટ્રેશન આવી રહ્યા છે જે હાલમાં લગભગ પચ્ચીસ હજાર જેટલા થયા છે. તામિલનાડુમાં વસવાટ કરતા સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાના મૂળવતન પોતાના, પોતાની મૂળ જન્મભૂમિ, માતૃભૂમિ એવા સોમનાથ ખાતે એકત્ર થશે, સોમનાથ દાદાના દર્શન તથા પૂજા કરશે, ભગવાન શ્રી દ્વારકાધિશના દર્શન કરી ધન્ય બનશે. આ એક ખૂબ જ ઐતિહાસિક મહત્વપૂર્ણ ઘટના છે. ત્યાં વસતા સૌરાષ્ટ્રીયન તમિલ લોકોની આંખોમાં જે સત્કારનો હરખ દેખાયો તેનું વર્ણન થઈ શકે તેમ નથી. જે ભૂમિના કારણે એમની ઓળખ સૌરાષ્ટ્રીયન તરીકેની છે એ જ જગ્યા એમને ફરી બોલાવી રહી છે. આ કાર્યક્રમને લઈને ગુજરાત પણ તેમના મૂળ સૌરાષ્ટ્રીયન-તમીલ ભાઈઓને આવકારવા થનગની રહ્યું છે. કાઠીયાવાડ તેની પ્રસિધ્ધ મહેમાનગતિ માટે જાણીતું છે, તેમાં કોઈ કસર નહી છોડવામાં આવે તેઓ પ્રતિસાદ સૌરાષ્ટ્રના લોકોમાં જોવા મળ્યો છે તે અંગે આનંદની લાગણી વ્યકત કરી હતી. મંત્રીએ સૌ ગુજરાતીઓને આ કાર્યક્રમમાં સહભાગી થવા, ટ્રેનોમાં આવતા પોતાના ભાઈઓને આવકારવા માટે રેલ્વે સ્ટેશનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી તેમનું ભાવભીનું સ્વાગત કરવા અપીલ કરી હતી. આ પત્રકાર પરિષદમાં જિલ્લા કલેકટર એમ. એ.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.ધાનાણી, નિવાસી અધિક કલેકટર ભુપેશ જોટાણીયા, સંયુકત માહિતી નિયામક મિતેષ મોડાસીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.



# નરેન્દ્ર મોદી ફરી વિશ્વનાં સર્વાધિક લોકપ્રિય નેતા જાહેર કરાતા દેવભૂમિ દ્વારકા જીલ્લામાં વ્યાપક આવકાર

(પ્રતિનિધિ દ્વાર)

જામ ખંભાળિયા, તા.૪

ભારતનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મોર્નિંગ કન્સલ્ટ ફર્મના સર્વેમાં બાઈડેન સહિતનાં અગ્રણી વૈશ્વિક નેતાઓને પછાડી ૭૯ ટકા એપ્રુવલ રેટિંગ સાથે મોખરે રહ્યા અને એ પણ સતત બીજી વખત પરંતુ આ અભુતપૂર્વ સિદ્ધિનાં પાયામાં શું છે એ સમજવું આવશ્યક છે.




ગુજરાતીમાં અહીં પ્રચલિત કહેવત છે કે "મિત્ર એવો શોધવો જે ઢાલ સરીખો હોય, સુખમાં પાછળ પડી રહે અને દુઃખમાં આગળ રહે". આ સંદર્ભમાં સૃષ્ટિના શ્રેષ્ઠ મિત્રનાં ઉદાહરણ સ્વરૂપે ભાગવાન શ્રી કૃષ્ણની ગણના કપરા કાળમાં પડખે ઉભા રહેનાર ઉત્તમ મિત્ર તરીકે થાય છે. ત્યારે આ જ સંદર્ભમાં સમગ્ર વિશ્વ જયારે કોરોના સામે બાથ ભીડી રહ્યુ હતું ત્યારે નામો એ ન માત્ર ભારતમાં ઘરઆંગણે વિક્રમસર્જક અવધિમાં રસીઓ વિકસાવી સમગ્ર રાષ્ટ્રમાં સુચારુ રૂપથી અને એ પણ નિશુલ્ક રસી વિતરણ કરી ભારતને મહામારીથી ઉગાર્યુંપણ ખરું અને વિશ્વભરમાં જેમને પણ જરૂર પડી તેમને સહાયતા પણ પહોંચાડી. એટલું જ નહીં, પરંતુ કોરોનાના કપરા કાળમાં લોકડાઉનનાં પગલે આર્થીક મુશ્કેલી ભોગવી રહેલા નાગરિકોને નિઃશુલ્ક રાશન પુરૂ પાડવા અને સ્વાસ્થય સંબંધી પાસાઓને ઉકેલ્યા અને નિયંત્રિત પણ કર્યા. હાલ વર્તમાન સમયમાં ચાલી રહેલ રશિયા - યુક્રેન યુદ્ધમાં બન્ને પક્ષો શાંતિ જાળવવાની તેમની અપીલની અસરને પણ સામાન્ય રીતે વૈશ્વીક સ્તરે જોઈએ તો બે દેશો વચ્ચે કોઈપણ સંઘર્ષ વખતે મધ્યસ્થી કરતા અમેરિકાએ પિછાણી અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને મધ્યસ્થી માટે વિનંતી કરી. જે ભૂમિકા કોઈપણ દેશને મહાસત્તાનું સ્થાન બક્ષે છે.

તદઉપરાંત વિશ્વને યોગ દિવસ મનાવવાનું નરેન્દ્ર મોદીનું યુએન દ્વારા અમલી બનાવાયેલ સુચન ન માત્ર ભારતની પ્રાચિન ચિકિત્સા વિજ્ઞાનનો પરિચય કરાવી ગયું બલ્કે તેમની વિચક્ષણ પ્રતિભા અને વિદ્વતાનો સાક્ષાત્કાર પણ કરાવી ગયું.

આર્થિક મોરચે વિશ્વમાં બ્રિટનને પાછળ છોડીને પાંચમો ક્રમ પ્રાપ્ત કરવો, શહેરી, ગ્રામ્ય અને પૂર્વોત્તરના છેવાડાના દુર્ગમ પ્રદેશો ધરાવતા રાજયોમાં શિક્ષણ, સ્વાસ્થય, સુરક્ષા અને રોજગારમાં પણ ભારતનાં વૈવિધ્ય સાથેના અનેક પડકારો વચ્ચે પણ ઉત્તરોત્તર શ્રેષ્ઠતા બક્ષવાના તેમના સફળ પ્રયાસો માત્ર મોર્નિંગ કન્સલ્ટ બલ્કે કોઈપણ સંસ્થાને પ્રભાવિત કરી જાય તો જ નવાઈ કહેવાય. ભારત જેવા અનેકતામાં એકતા સાથેનું ભૌગોલિક અને પ્રાદેશિક વૈવિધ્ય ધરાવતા દેશમાં ઉદભવતા પડકારોને નજરમાં રાખીને અનેક વિખ્યાત રાજકીય અને સામાજીક પંડિતો સ્થિતિ સુધારવાની આશાઓને ઠગારી ગણાવતા ત્યારે મોદીએ એ પડકારોને નાથ્યા પણ ખરા અને સેવાના અવસરમાં પલટાવી અનુકરણીય ઢબે ઉકેલ્યા પણ ખરા.

આ બધા પાછળ તેમનું ગુજરાત મોડેલ ન માત્ર ૨૦૧૪ની લોકસભા ચુંટણીઓ પૂરતું ભારતના આંગણે સીમિત રહ્યું બલ્કે તેમના અનુભવ સિદ્ધ માર્ગદર્શન અને વિદ્વતા સભર સંચાલન દ્વારા દેશમાંમાં પધારતા વૈશ્વીક નેતાગણોની ગુજરાત મુલાકાત દ્વારા વૈશ્વિક સ્તરે અત્યંત સરાહનીય પણ બન્યું. તાજેતરમાં ગુજરાતમાં યોજાઈ ગયેલ વિધાનસભા ચૂંટણીઓનાં અભુતપૂર્વ અને ઐતિહાસિક પરિણામોએ પણ ગુજરાતનાં આપનોતા પુત્ર અને તેમની રાષ્ટ્રપ્રેમી સેનાની સેવા સભર કાર્યપ્રણાલીનું સામર્થ્ય પણ પીછાણ્યું છે.

આમ, કુલ મળીને કહીએ તો ગુજરાત મોડેલ શબ્દએ મોર્નિંગ કન્સલ્ટ દ્વારા માત્ર વૈશ્વીક સ્તરે લોકપ્રિયતાનાં રેટિંગમાં યુગપુરુષ અને દૂરંદેશી નેતૃત્વના ધની એવા ભારતનાં યશશ્વી પ્રધાનમંત્રી નરેદ્ર મોદીને પ્રથમ ક્રમાંક જ નથી બક્ષ્યો બલ્કે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ સૂત્રને પણ ચરિતાર્થ કરતા સમગ્ર ભારતને ગ્લોબલી નંબર વન પ્લેટફોર્મ પર મૂક્યું છે. વિશ્વના અનેક એવા દેશો છે જેની ભારતના અન્ય કોઈ પુર્વ વડાપ્રધાનોએ મુલાકાત પણ નથી લીધી તેવા રાષ્ટ્રો સાથે ઘનિષ્ઠ સંબંધો અને સહદયતા પૂર્ણ મુલાકાતો લઈ નરેન્દ્ર મોદીએ વિશ્વબંધુત્વને ખરા અર્થમાં વ્યવહારૂ સ્વરૂપ આપ્યું છે.

નરેન્દ્ર મોદીની સુરક્ષા, સદભાવના, સમયસૂચકતા અને સુશાસનનો સંયુક્ત ઉલ્લેખ કરીએ તો પાકિસ્તાન અને ચીન સામે આવશ્યક મક્કમ અને જરૂર પડ્યે સર્જીકલ સ્ટ્રાઈક તથા સરહદ પર ભારતની જમીનમાં ઘૂસી આવેલા ચીની સૈનિકોને ખદેડી દેવાનાં કઠોર પગલાંઓ ભરવાની ઘટનાઓ હોય, તુર્કીના ભારત વિરોધી વલણ છતાં વિકરાળ ધરતીકંપ વખતેના કપરા સમયમાં મદદ મોકલવાનો નિર્ણય હોય કે પછી રમત-ગમત તથા સાંસ્કૃતિક ક્ષેત્રો ઘરઆંગણે રમતવીરો અને સંસ્કૃતિના વાહકોને પ્રેરણાબળ તેમજ ઈચ્છિત અને આવશક્યક સંસાધનો સાથેનું વાતાવરણ પૂરા પાડી વૈશ્વીક સ્તરે સન્માન પ્રાપ્તિ કરાવવાની ઐતિહાસિક પહેલ હોય; આ બધા જ પાસાઓ નરેન્દ્ર મોદીને નમો બનાવે છે અને એ જ નમોનાં નેતૃત્ત્વ સામે વિશ્વ આજે સપ્રેમ નતમસ્તક છે. તમામ ભારતવાસીઓ અને ભારત બહાર વસતા ભારતીય મુળના લોકો માટે નરેદ્ર મોદીનું ફરી વૈશ્વીક અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ તેમજ ભારતનાં તમામ મોરચે અગ્રેસર રહી સુખ, સલામતી અને સુરક્ષા મામલે ભવિષ્યમાં આપણ સાથ, સહકાર, વિશ્વાસ તેમજ પ્રયાસના સૂત્રમાં એક તાંતણે બંધાઈ રહેવાની પ્રતિજ્ઞાની આવશ્યકતા દર્શાવે છે.

# જૂનાગઢ જીલ્લાનાં માળીયા હાટીના ખાતે મહિલા કૌશલ્ય કેન્દ્ર શરૂ કરાયું

જૂનાગઢ, તા.૪

આરએેફ ગ્લોબલએ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે ભારત સહીત એશિયા અને આફ્રિકાના સાત દેશોમાં કાર્યરત છે. આજની યુવા શક્તિને હુન્નર અને કૌશલ્યમાં પારંગત કરીને તેમના સશક્તિકરણ માટેના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના ભાગરૂપે આર.એ.એફ ગ્લોબલ દ્વારા ગુજરાતના જૂનાગઢ જીલ્લાના માળિયા હાટીના ખાતે મહિલા કૌશલ્ય કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. આ કેન્દ્રમાં આસપાસના ગામોના જરૂરિયાતમંદ મહિલાઓને સિલાઈકામની કવોલિફાઈડ ટ્રેનર દ્વારા ત્રણ માસની તાલીમ આપવામાં આવે છે. જે અંતર્ગત પહેલી બેચના ૧૮ તાલીમાર્થીઓએ સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરેલ તેઓને તા.૩૦મી માર્ચના રોજ માળિયા હાટીના ખાતે મહિલા ઉદ્યોગસાહસિકા કાર્યક્રમ રાખેલ



જેમાં પદ્મશ્રી હીરબાઈબેન લોબી, મહિલા પત્રકાર શ્રીમતી ભાર્ગવીબેન જોષી, સમીરા ગ્રુપ ઓફ કંપનીના એમ.ડી હુસેનભાઈ લાખા, સ્થાનિક અગ્રણી રણજીતસિંહ પરમાર વગેરેની હાજરીમાં સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન મુખ્ય વક્તા ભાર્ગવીબેન જોષી પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે "દરેક મહિલામાં ધંધો કરવાનું સાહસ છે અને સફળ થાય છે તે દરેક મહિલાને પોતામાં રહેલ કુશળતાને ઓળખવી પડશે". તે પછી હુસેનભાઈ લાખા, રણજીતસિંહ પરમાર દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકતા ઉપર બહેનોને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવેલ. પદ્મશ્રી હીરબાઈબેન લોબી દ્વારા મહિલાઓને સામાજિક સમસ્યાઓ સામે પોતે કેમ ઝઝૂમ્યા હતા તેની વાત કરેલ અને તેમાંથી શીખ મેળવી બહેનો એ કેમ આગળ આવવું તેની સમજણ આપેલ. આ તકે કાર્યક્રમમાં જોડાયેલ તમામ લોકોએ આર.એ.એફ ગ્લોબલની ઉમદા કામગીરીને બિરદાવી હતી.

## લમ્પીમાં મૃત્યુ પામેલ ગાયોના મોક્ષાર્થે

# લોઢવા ગામે શ્રીમદ ભાગવત કથાનું આયોજન

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૪

લોઢવા ગામે ભુતડા દાદા ગૃપ તેમજ સમસ્ત લોઢવા ગામ દ્વારા ભુતડા દાદા મંદિર ખાતે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં લોઢવા તેમજ આજુબાજુ ગામના શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહી કથાકાર જીગરભાઈ પ્રફુલચંદ્ર કરનાડા કથાનું રસપાન કરાવશે. કથામાં વ્યાસપીઠ ઉપર બિરાજમાન શ્રી બાલ વ્યાસજી જીગરભાઈ પ્રફુલચંદ્ર કનાડા દ્વારા ૭ એપ્રિલથી ૧૩ એપ્રિલ સુધી શ્રીમદ ભાગવત સપ્તાહનું રસપાન કરાવશે જેમાં ૭ એપ્રિલે કથાનો પ્રારંભ થશે અને ૮ એપ્રિલ શ્રી વરાહ અવતાર, ૯ એપ્રિલના રોજ કપિલ જન્મ અને શ્રી નૃરસિંહજી જન્મ, ૧૦ એપ્રિલના રોજ વામન જન્મ, શ્રીકૃષ્ણ જન્મ, શ્રીરામ જન્મ તેમજ ૧૧ એપ્રિલના રોજ ગોવર્ધન લીલા, ૧૨ એપ્રિલે શ્રી રૂક્ષ્મણી વિવાહ, ૧૩ એપ્રિલે શ્રી સુદામાજી ચરિત્ર તથા શ્રી પરિક્ષિત મોક્ષ અને ૧૪ એપ્રિલે કથા વિરામ થશે તેમજ તા.૧૦ એપ્રિલના સાંજે ૯ કલાકે ભવ્ય રંગ કસુંબલ લોક ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કથામાં લોઢવા ગામ તેમજ આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવીભકતો ઉમટી પડશે. ભુતડા દાદા ગૃપ અનોક સેવાકીય પ્રવૃતિ સાથે વર્ષોથી સંકળાયેલ છે. જયારે પશુઓમા લમ્પી નામનો રોગ ફાટી નકળ્યો હતો ત્યારે આ ભુતડા દાદા ગૃપે વિનામુલ્યે



હજારો પશુઓની સારવાર કરી હતી તેમજ મૃત્યુ પામેલી ગાયોની સમાધિ આપી હતી.

## જમાઈએ સાસુના નામની સરકારી પ્રાથમિક શાળા બનાવી

# ખંભાળિયામાં હાસ્યકાર જગદીશ ત્રિવેદી દ્વારા નિર્મિત આઠમી સરકારી શાળાનું લોકાર્પણ કરાયું

## પૂ. રમેશભાઈ ઓઝા, કેબીનેટ મંત્રી, શિક્ષણમંત્રી, યુનિવર્સિટીના ઉપકુલપતિ વિગેરેની ખાસ ઉપસ્થિતી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે વિશ્વ વિખ્યાત હાસ્યકાર જગદીશ ત્રિવેદીએ પોતાના સાસુના નામની તદન નવી સરકારી પ્રાથમિક શાળા બનાવીને ગઈકાલે રવિવારે સરકારને અર્પણ કરી છે. આ પ્રસંગે ભાગવત કથાકાર રમેશભાઈ ઓઝા, કેબીનેટ મંત્રી મુળુભાઈ બેરા, શિક્ષણમંત્રી ડો. કુબેર ડીંડોર, નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિ ગીરીશભાઈ ભીમાણી, તથા નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઉપકુલપતિ ચેતનભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ શાળા જગદીશ ત્રિવેદી દ્વારા નિર્મિત આઠમી સરકારી શાળા બની છે. જેનું માતુશ્રી ભાનુબહેન



વસંતલાલ ભટ્ટ પ્રાથમિક શાળા એવું નામકરણ કરવામાં આવ્યું હતું. આ શાળાના લોકાર્પણ સાથે જગદીશ ત્રિવેદીના વ્યક્તિગત દાનની રકમ પાંચ કરોડને પાર કરી ગઈ છે. તેમના દ્વારા આરોગ્ય અને શિક્ષણ પાછળ કુલ અગિયાર કરોડ રૂપિયાનું દાન કરવાનો મનોરથ કરેલ છે અને એ માટે તેઓ છેલ્લે આશરે છ વર્ષથી પોતાના દેશ-પરદેશના તમામ કાર્યક્રમોની સંપૂર્ણ આવક દાન કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં પદ્મશ્રી શાહબુદીન રાઠોડ, જીતુભાઈ દ્વારકાવાળા, વસંત પરેશ બંધુ, ભજનીક પરસોત્તમપરી બાપુ, વિનુ ચાર્લી, મિલન ત્રિવેદી, ગુણવંત ચુડાસમા, તેજસ પટેલ, ચંદ્રેશ ગઢવી અને મનન રાવલ જેવા અનેક કલાકારો, લેખકો, કવિઓ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણ અધિકારી એસ.જે. ડુમરાણીયા સાથે મોટી સંખ્યામાં સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. કલાકાર ડોક્ટર જગદીશ ત્રિવેદીની આ સેવા પ્રવૃત્તિ પ્રેરણારૂપ બની રહી છે.

